SGCCI

ધી સધર્ન ગુજરાત
ચેમ્બર ઓફ કોમર્સ
એન્ડ ઈન્ડસ્ટ્રી

ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર

# સમૃદ્ધિ

RNI REG. NO. 15069/ 1968

VOL.: 55 / ISSUE 4 / NOV. 2023

SGCCI MISSION 84 GLOBAL CONNECT




## મિશન ૮૪ અંતર્ગત ચેમ્બર ઓફ કોમર્સે તાર્કિક રીતે દેશમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે પ્રયાસ કર્યો છે, જે ખૂબ જ પ્રશંસનીય છે : ભારત સરકારના કેન્દ્રિય મંત્રી શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજી

#GROW_GLOBALLY_WITH_SGCCI

# પ્રમુખ સ્થાનેથી...



**રમેશ વઘાસિયા, પ્રમુખ**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનું મહત્વાકાંક્ષી વિઝન 'SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪' અંતર્ગત ભારતની ઈકોનોમીને વધુ મજબૂત બનાવવા હેતુ સુરતમાંથી એક્ષ્પોર્ટને વધારવાની દિશામાં કારગત સાબિત થવાની શરૂઆત થઇ ચૂકી છે. મહિના પહેલાં જ ભારત સરકારના કેન્દ્રિય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઇઝર્સ તેમજ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર મંત્રી ડો. મનસુખભાઇ માંડવિયાની હાજરીમાં કેમિકલ્સ એન્ડ ફાર્મા ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા ઉદ્યોગકારોએ રૂપિયા ૧૭,૫૯૩ કરોડથી વધુનો એક્ષ્પોર્ટ કરવા સંકલ્પ લીધો હતો ત્યારે ચેમ્બર ઓફ કોમર્સના સ્થાપના દિવસ ૨૧મી ઓકટોબરે ભારતના મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી ઉદ્યોગના કેન્દ્રિય મંત્રી શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજીની હાજરીમાં મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગની સાથે સંકળાયેલા ઉદ્યોગકારોએ રૂપિયા ૨૧૯૬ કરોડનો એક્ષ્પોર્ટ કરવાનો સ્વયંભૂ સંકલ્પ લીધો હતો.

મિશન ૮૪ અંતર્ગત ચેમ્બર ઓફ કોમર્સે તાર્કિક રીતે દેશમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે પ્રયાસ કર્યો છે, જે ખૂબ જ પ્રશંસનીય છે તેમ કેન્દ્રિય મંત્રી શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજીએ ઉદ્યોગકારોને સંબોધતા જણાવ્યું હતું. કેન્દ્રિય મંત્રીશ્રીઓની હાજરીમાં ઉદ્યોગકારોએ અત્યાર સુધી કુલ રૂપિયા ૧૯,૭૮૯ કરોડનો એક્ષ્પોર્ટ કરવાનો સ્વયંભૂ સંકલ્પ લીધો છે, ત્યારે આ દિશામાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ભારત સરકારના અન્ય કેન્દ્રિય મંત્રીશ્રીઓને પણ સુરત ખાતે આમંત્રિત કરીને તેઓના વિભાગના ઉદ્યોગકારો દ્વારા એક્ષ્પોર્ટને વધારવાનો સંકલ્પ કરાશે.

૨૧મી ઓકટોબરે ચેમ્બર ઓફ કોમર્સના સ્થાપના દિને દેશ - વિદેશની ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો તેમજ પ્રતિનિધિઓ એક મંચ પર એકત્રિત થયા હતા, જ્યારે અન્ય ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો ઓનલાઈન જોડાયા હતા અને મિશન ૮૪ પ્રોજેકટને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી. C TO C એટલે કે 'ચેમ્બર ટુ ચેમ્બર'અને C TO M એટલે કે 'ચેમ્બર ટુ મેમ્બર'કાર્યક્રમમાં ઉદ્યોગકારોને જુદી-જુદી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પોતપોતાના પ્રાદેશિક વિસ્તારમાં રહેલી વ્યાપાર - ઉદ્યોગની તકોથી માહિતગાર કરાયા હતા. દેશના જુદા - જુદા પ્રદેશોમાં જે ઈન્ડસ્ટ્રી ડેવલપ થઇ છે અને વિવિધ પ્રોડકટોનું ઉત્પાદન થાય છે તેનાથી ઉદ્યોગકારોને અવગત કરાવી બિઝનેસમેનોને એકબીજાની સાથે પરસ્પર કનેકટ કરવામાં આવ્યા હતા.

IBG (ઈન્ડિયન બિઝનેસ ગૃપ ચેમ્બર ઓફ કોમર્સ)- મુંબઈના સંસ્થાપક અને પ્રમુખ શ્રી વિકાસ મિત્તરસેન તેમજ સીઈઓ શ્રી પ્રિયા પાનસરે તથા IMC (ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી)- મુંબઈના ડેપ્યુટી ડિરેકટર જનરલ શ્રી સંજય મહેતા અને શ્રી શિતલ કાલરો, એશિયા આફ્રિકા રૂરલ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશનની (AARDO) ભારતની ઓફિસમાં કાર્યરત સેક્રેટરી જનરલ શ્રી મનોજ નરદોસિંઘ તથા ઈન્ડિયા ચેપ્ટર હેડ શ્રી સંજીબ બહેરા અને મુંબઇના ડીઆર ચોકસી ફિનસર્વ પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેકટર તેમજ સ્ટોક માર્કેટ, ઈન્વેસ્ટમેન્ટ, ટ્રેડીંગ, સ્ટોક્સ અને દેશની આર્થિક બાબતોના નિષ્ણાંત તરીકે નેશનલ બિઝનેસ ન્યુઝ ચેનલોમાં એકસપર્ટ વ્યુહ આપનારા જાણીતા અર્થશાસ્ત્રી શ્રી દેવેન ચોકસીને મિશન ૮૪ પ્રોજેકટથી વાકેફ કરવામાં આવ્યા હતા અને તેઓ આ પ્રોજેકટથી ઘણા પ્રભાવિત થયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરત ઈકોનોમિક ફોરમની પણ શરૂઆત કરવામાં આવી છે. સુરત ઈકોનોમિક ફોરમ (SEF)નું મુખ્ય લક્ષ્ય સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત માટે ઈકોસિસ્ટમ ઉભી કરવા માટે સાનુકુળ વાતાવરણ પૂરુ પાડવાનું છે. સુરતના આર્થિક વિકાસને ઝડપી ગતિએ આગળ વધારવા તેમજ તેને ટકાવી રાખવા માટે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત આ ફોરમને વિશેષ સેટ-અપ તરીકે પ્રમોટ કરાય છે, જેનો મુખ્ય હેતુ સુરત સહિત સમગ્ર ભારત દેશના દરેક નાગરિકનો આર્થિક વિકાસ છે.

ચેમ્બર ઓફ કોમર્સના જીએફઆરઆરસી દ્વારા ભારત સરકારના એડીશનલ ટેક્ષ્ટાઇલ કમિશ્નર શ્રી એસ.પી. વર્માને મુખ્ય અતિથિ સ્થાને આમંત્રિત કરી તેમની હાજરીમાં ટેક્ષ્ટાઇલ પર્વની શરૂઆત કરાઇ હતી અને સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો અને વેપારીઓને, ટેક્ષ્ટાઇલ અગ્રણીઓ તેમજ નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન અપાયું હતું.

મિશન ૮૪ અંતર્ગત વિયેતનામના મુંબઇ સ્થિત કોન્સુલ જનરલ બિન્ગ કવોન્ગ લી અને વિયેતનામ ઈન્ટરનેશનલ આંત્રપ્રિન્યોર્સ નેટવર્કીંગ કલબના પ્રમુખ દિન્હ વિન્હ કુઓન્ગ સાથે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓની મિટીંગ કરવામાં આવી હતી. વિયેતનામના કોન્સુલ જનરલ બિન્ગ કવોન્ગ લીએ જણાવ્યું હતું કે, મિશન ૮૪ પ્રોજેકટની સાથે જોડાનારને બિઝનેસ હેતુ માત્ર ભારત પૂરતો જ નહીં પણ વૈશ્વિક સ્તરે લાભ થશે.

મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને વિયેતનામ ઈન્ટરનેશનલ આંત્રપ્રિન્યોર્સ નેટવર્કીંગ કલબ વચ્ચે એમઓયુ થયા હતા. આ ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાના ઈન્ડિયા એસએમઈ ફોરમ સાથે પણ એમઓયુ થયા હતા.

આ તકે 'SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪'અને ચેમ્બર ઓફ કોમર્સની વિવિધ પ્રવૃત્તિઓ માટે જેમનો પણ મને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સાથ - સહકાર મળ્યો છે તેઓનો હું આભારી છું. માત્ર સુરત કે ગુજરાતમાંથી જ નહીં પણ ભારતના દરેક ખૂણેથી યુવા ઉદ્યોગ સાહસિકો અને ઉદ્યોગકારો - વેપારીઓ મિશન ૮૪ અને ચેમ્બર ઓફ કોમર્સની પ્રવૃત્તિઓની સાથે જોડાય તેવો મારો નમ્ર અનુરોધ છે.

**આભાર...**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1 | ૨૧મી ઓકટોબરે SGCCIના ૮૪મા સ્થાપના દિને દેશ - વિદેશની ચેમ્બર ઓફ કોમર્સ વચ્ચે ઈન્ટરેકટીવ નેટવર્કીંગ મિટીંગ મળી | 06 |
| 2 | મિશન ૮૪ અંતર્ગત વિવિધ ચેમ્બર ઓફ કોમર્સ તથા ઔદ્યોગિક સંગઠનો સાથે એમઓયુ સાઈન થયા | 09 |
| 3 | ભારતના કેન્દ્રિય મંત્રી શ્રી પરષોત્તમભાઈ રૂપાલાએ મિશન ૮૪ પ્રોજેકટના ઓનલાઈન ઈન્ટરનેશનલ પોર્ટલનું લોન્ચીંગ કર્યુ | 10 |
| 4 | કેન્દ્રિય મંત્રી શ્રી પરષોત્તમભાઈ રૂપાલાજીની હાજરીમાં મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગકારોએ રૂપિયા ૨૧૯૬ કરોડનો એક્ષ્પોર્ટ કરવાનો સ્વયંભૂ સંકલ્પ લીધો | 11 |
| 5 | ચેમ્બર દ્વારા 'મહા સ્વચ્છતા અભિયાન' હાથ ધરાયું | 15 |
| 6 | મુંબઈ સ્થિત IMC અને IBGના પ્રમુખ સહિતના હોદ્દેદારોએ SGCCIના મિશન ૮૪માં જોડાવા ઉત્સાહપૂર્વક તૈયારી દર્શાવી | 23 |
| 7 | ૧૦થી વધુ દેશોના ટ્રેડ કાઉન્સીલર - એમ્બેસેડરોની દ્વિપક્ષીય વ્યાપારિક સંબંધો મજબૂત કરવા મિશન ૮૪ને સહયોગ આપવાની ખાત્રી | 30 |
| 8 | ચેમ્બર દ્વારા સુરત ઈકોનોમિક ફોરમ પ્રિ-લોન્ચ મિટીંગ યોજાઈ | 33 |
| 9 | ચેમ્બર ઓફ કોમર્સના જીએફઆરઆરસી દ્વારા ટેક્ષ્ટાઈલ પર્વની શરૂઆત કરાઈ | 35 |
| 10 | મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને વિયેતનામ ઈન્ટરનેશનલ આંત્રપ્રિન્યોર્સ નેટવર્કીંગ કલબ વચ્ચે એમઓયુ થયા | 40 |


## તંત્રી સ્થાનેથી...

પ્રિય વાચકશ્રીઓ,

નિયમિત અંતરે પ્રકાશિત થતા સમૃદ્ધિ મેગેઝિનનો આ વર્ષનો ચોથો અંક આપ સૌ સમક્ષ પ્રસ્તુત કરતા અત્યંત આનંદ અને ગર્વની લાગણી થાય છે.

સમૃદ્ધિ મેગેઝિન એટલે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના આદર્શ અને ઉત્તરદાયિત્વનું પ્રતિબિંબ કરાવતું દર્પણ. આ દર્પણ સાચા અર્થમાં સંસ્થાની પ્રવૃત્તિઓનું દર્પણ બની રહે તેવી આશા સાથે મારી લાગણીને અલ્પવિરામ આપું છું.

આભાર...



નિખિલ મદ્રાસી, તંત્રી



પ્રફુલ્લ ગાંધી, સલાહકાર



વિપુલ સાસપરા, સહ તંત્રી


### ચેમ્બરના હોદ્દેદારો

**રમેશ વઘાસિયા**
પ્રમુખ

**વિજય મેવાવાલા**
ઉપ પ્રમુખ

**હિમાંશુ બોડાવાલા**
તત્કાલીન પૂર્વ પ્રમુખ

**નિખિલ મદ્રાસી**
માનદ્ મંત્રી

**કિરણ ઠુમ્મર**
માનદ્ ખજાનચી

તંત્રી
**નિખિલ મદ્રાસી**

સહ તંત્રી
**વિપુલ સાસપરા**

સલાહકાર
**પ્રફુલ્લ ગાંધી**

**જિતેન્દ્ર પવાર**
'સમૃદ્ધિ' મેગેઝીન કો. ઓર્ડીનેટર

**ભાવિક દવે**
ડિઝાઈન એન્ડ ગ્રાફિકસ



પ્રકાશક
**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી**
છઠ્ઠો માળ, સંહતિ બિલ્ડીંગ, એસઆઈઈસીસી કેમ્પસ,
ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ,
સરસાણા, સુરત-૩૯૫૦૦૭, ગુજરાત, ભારત.
ફોન : +૯૧-૨૬૧-૨૨૯૧૧૧૧
(E) info@sgcci.in (W) www.sgcci.in

સંપર્કઃ ધનેન્દ્ર પાટીલ, ડે. સેક્રેટરી



સમૃધ્ધિમાં પ્રસિદ્ધ થતા વકતા કે લેખકોના વિચારો સાથે ચેમ્બર સહમત છે એમ સમજવું નહીં


સમૃદ્ધિના અંક વિશેનો આપનો અભિપ્રાય આવકાર્ય છે.

# OFFICE BEARERS 2023-24



**RAMESH VAGHASIA**
President



**VIJAY MEVAWALA**
Vice President



**HIMANSHU BODAWALA**
Imm. Past President



**NIKHIL MADRASI**
Hon. Secretary



**KIRAN THUMMAR**
Hon. Treasurer




# ૨૧મી ઓકટોબરે SGCCIના ૮૪મા સ્થાપના દિને દેશ - વિદેશની ચેમ્બર ઓફ કોમર્સ વચ્ચે ઇન્ટરેકટીવ નેટવર્કીંગ મિટીંગ મળી

૨૧મી ઓકટોબરે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ૮૪મા સ્થાપના દિવસે નવા વિચારો, નવી દિશા અને નવા પ્રયાણના ભાગ રૂપે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત શનિવાર, તા. ૨૧ ઓકટોબર, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, SIECC, સરસાણા, સુરત ખાતે C TO C એટલે કે 'ચેમ્બર ટુ ચેમ્બર' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દેશ - વિદેશની ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો તેમજ પ્રતિનિધિઓ એક મંચ પર એકત્રિત થયા હતા, જ્યારે અન્ય ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો ઓનલાઈન જોડાયા હતા અને મિશન ૮૪ પ્રોજેકટને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, ૨૧મી ઓકટોબરે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ૮૪મા સ્થાપના દિને 'SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ' અંતર્ગત ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવશે. ભારતની અર્થ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે તેમજ દેશમાંથી વધુમાં વધુ એક્ષ્પોર્ટ કરવા માટે મિશન ૮૪ પ્રોજેકટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શરૂ કરાયો છે. મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો અને વિશ્વના જુદા-જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવામાં આવશે. એવી રીતે ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મની સાથે જોડવામાં આવશે.

આ ઉપરાંત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલો તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા એમ્બેસેડર્સને પણ આ પ્લેટફોર્મ પર ઓનબોર્ડ કરી ઉદ્યોગકારોને વ્યાપાર માટે જે તે દેશોમાં રહેલી તકો તથા ત્યાંના કાયદા અને નિયમો વિશે માર્ગદર્શન અપાશે, જે અંતર્ગત ભારતમાં




કાર્યરત જુદા-જુદા દેશો જેવા કે શ્રીલંકા, વિયેતનામ, ઈન્ડોનેશિયા, ઈથોપિયા, યુકે, ગુયાના, ઝામ્બીયા, પોલેન્ડ અને તાન્ઝાનિયાના કોન્સુલ જનરલો સાથે થયેલી મિટીંગોથી પણ ચેમ્બર પ્રમુખે અન્ય ચેમ્બર ઓફ કોમર્સ પ્રતિનિધિઓને વાકેફ કર્યા હતા.

ચેમ્બર પ્રમુખે કહયું હતું કે, ભારતના જીડીપી ગ્રોથને વધારવા માટે તમામ ઉદ્યોગકારો એકબીજાને સહકાર આપી બિઝનેસ ડેવલપમેન્ટની ભાવના સાથે આગળ વધે તે માટે મિશન ૮૪ પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યો છે, જેમાં જોડાવા માટે તેમણે દેશ - વિદેશની ચેમ્બર ઓફ કોમર્સને અનુરોધ કર્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સર્વેનો આભાર માન્યો હતો. માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ ઈન્ટરેકટીવ નેટવર્કીંગ મિટીંગનું સંચાલન કર્યું હતું. મિશન ૮૪ પ્રોજેકટના કો-ઓર્ડિનેટર સંજય પંજાબીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. તત્કાલીન ભૂતપૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, ગૃપ ચેરમેન ભાવેશ ટેલર તથા ભૂતપૂર્વ પ્રમુખો રોહિત મહેતા અને અમરનાથ ડોરા તથા દેશની વિવિધ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદ્દેદારો તેમજ પ્રતિનિધિઓ મિટીંગમાં ઉપસ્થિત રહયા હતા.

## ’ચેમ્બર ટુ મેમ્બર ’કાર્યક્રમમાં ઉદ્યોગકારોને જુદી-જુદી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પોતપોતાના પ્રાદેશિક વિસ્તારમાં વ્યાપાર - ઉદ્યોગની તકોથી માહિતગાર કરાયા



૨૧મી ઓકટોબરે બપોરે ૨:૦૦થી સાંજે ૪:૦૦ કલાક દરમ્યાન C TO M એટલે કે ’ચેમ્બર ટુ મેમ્બર’ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઉદ્યોગકારોને જુદી-જુદી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પોતપોતાના પ્રાદેશિક વિસ્તારમાં વ્યાપાર - ઉદ્યોગની તકોથી માહિતગાર કરવામાં આવ્યા હતા. દેશના જુદા - જુદા પ્રદેશોમાં જે ઈન્ડસ્ટ્રી ડેવલપ થઈ છે અને વિવિધ પ્રોડકટોનું ઉત્પાદન થાય છે તેનાથી ઉદ્યોગકારોને અવગત કરાવવામાં આવ્યા હતા.

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના રિજીયોનલ સેક્રેટરી પ્રશાંત પટેલે જણાવ્યું હતું કે, SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટને કારણે જુદા-જુદા ઉદ્યોગોમાં રહેલી ઈનર સ્ટ્રેન્થ બહાર આવશે, જેનો સીધો લાભ દેશની ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે થશે. સુરતમાં જે રીતે ટેક્ષ્ટાઈલ, ડાયમંડ, કેમિકલ, ફાર્મા, એકવા કલ્ચર, રિયલ એસ્ટેટ વગેરે ઈન્ડસ્ટ્રી ડેવલપ થઈ છે એવી રીતે દેશમાં જુદા- જુદા પ્રદેશોમાં જુદી - જુદી ઈન્ડસ્ટ્રી ડેવલપ થઈ છે.

ઉપરોકત બાબતથી દેશના ઉદ્યોગકારો જે તે ચેમ્બર ઓફ કોમર્સના માધ્યમથી સારી રીતે વાકેફ થશે અને ભારતના ઉદ્યોગોની જરૂરિયાત ભારતમાં જ બનતી પ્રોડકટથી પૂર્ણ થઈ જશે. જેથી કરીને દેશના ઉદ્યોગકારોને રો મટિરિયલ તથા અન્ય પ્રોડકટ માટે વિદેશો પર નિર્ભર રહેવું પડશે નહીં અને ભારતમાં બનતી પ્રોડકટથી જ ઉદ્યોગોની જરૂરિયાત પૂર્ણ થઈ જશે. આવી રીતે વિવિધ ચેમ્બર ઓફ કોમર્સની મદદથી ભારતને આર્થિક રીતે વધુ મજબૂત કરવા માટે મિશન ૮૪ મહત્વની ભૂમિકા ભજવશે.

AONE©
LIFESTYLE

Since 2004

# વેચેલો માલ હસી ખુશી થી પાછો લેવામાં આવશે.




Fashion Accessries

Undergarment

Suiting Shirting

Marriage Collection





☎ +91 8000 202 202

HIRA BAG | MOTA VARACHHA | NANA VARACHHA | JAKATNAKA

# મિશન ૮૪ અંતર્ગત વિવિધ ચેમ્બર ઓફ કોમર્સ તથા ઔદ્યોગિક સંગઠનો સાથે એમઓયુ સાઇન થયા







ચેમ્બર ટુ ચેમ્બર કાર્યક્રમમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના રિજીયોનલ સેક્રેટરી પ્રશાંત પટેલ, વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ હિમાંશુ પટેલ, નવી દિલ્હી સ્થિત એનસીઆર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, મુંબઈ સ્થિત ઈન્ડિયા બિઝનેસ ગૃપ - ટ્રેડ કાઉન્સીલ એન્ડ ચેમ્બર ઓફ કોમર્સના સીઈઓ પ્રિયા પાનસરે અને તેમની ટીમ, ઈન્ડો થાઈ ચેમ્બર ઓફ કોમર્સના રોહિત મહેતા અને રાકેશ ત્રિવેદી, ઈન્ડિયન ચેમ્બર ઓફ ઈન્ટરનેશનલ બિઝનેસના વાઈસ પ્રેસિડેન્ટ રાજન ઠાવકર, ઈન્ડો યુરોપિયન ચેમ્બર અને ભરૂચ ડિસ્ટ્રીક્ટ મેનેજમેન્ટ એસોસીએશનના હોદ્દેદારો તેમજ પ્રતિનિધિઓ ઉપરાંત યુએસએ ન્યુ જર્સીના નવિન પાઠક અને યુએસએથી નિમિષા અમી હાજર રહયા હતા.

તદુપરાંત કોરીયા એમ્બેસી, કર્ણાટકા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, દુબઈથી ભરત નારોલા અને તામિલનાડુથી સુરેશ વિભાકર ઓનલાઈન જોડાયા હતા. આ તમામે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને ૮૪મા સ્થાપના દિને શુભેચ્છા આપી હતી અને મિશન ૮૪માં જોડાઈને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી.

આ કાર્યક્રમમાં મિશન ૮૪ અંતર્ગત ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, મુંબઈ સ્થિત ઈન્ડિયા બિઝનેસ ગૃપ - ટ્રેડ કાઉન્સીલ એન્ડ ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડિયન ચેમ્બર ઓફ ઈન્ટરનેશનલ બિઝનેસની સાથે એમઓયુ સાઈન કરવામાં આવ્યા હતા.






## ભારતના કેન્દ્રિય મંત્રી શ્રી પરષોત્તમભાઇ રૂપાલાએ મિશન ૮૪ પ્રોજેકટના ઓનલાઇન ઇન્ટરનેશનલ પોર્ટલનું લોન્ચીંગ કર્યું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ૮૪મા સ્થાપના દિવસે નવા વિચારો, નવી દિશા અને નવા પ્રયાણના ભાગ રૂપે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત શનિવાર, તા. ૨૧ ઓકટોબર, ૨૦૨૩ના રોજ સાંજે ૪:૩૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે ભારતના મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી ઉદ્યોગના કેન્દ્રિય મંત્રી પરષોત્તમ રૂપાલા સાથે ઈન્ટરેકટીવ સેશન યોજાયું હતું. જેમાં મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગની સાથે સંકળાયેલા ઉદ્યોગકારોએ રૂપિયા ૨૧૯૬ કરોડનો એક્ષ્પોર્ટ કરવાનો સ્વયંભૂ સંકલ્પ લીધો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. તેમણે કેન્દ્રિય મંત્રી પરષોત્તમભાઇ રૂપાલાને સન્માન પત્ર આપી તેમનું સન્માન કર્યું હતું.

કેન્દ્રિય મંત્રીની હાજરીમાં ચેમ્બર ઓફ કોમર્સના ૮૪મા સ્થાપના દિવસે કેક કાપી ભૂતપૂર્વ પ્રમુખો સાથે તેની ઉજવણી કરવામાં આવી હતી.

ચેમ્બરના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. મિશન ૮૪ના કો-ઓર્ડિનેટર સંજય પંજાબીએ મિશન ૮૪ અંતર્ગત કેન્દ્રિય મંત્રીના હસ્તે લોન્ચ કરાયેલા ઓનલાઇન ઈન્ટરનેશનલ પોર્ટલ વિષે માહિતી આપી હતી. ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખો રાજેન્દ્ર ચોખાવાલા અને બી.એસ. અગ્રવાલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. તત્કાલીન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, ગૃપ ચેરમેનો ભાવેશ ટેલર અને કમલેશ ગજેરા, ઉદ્યોગપતિ ધીરૂભાઈ કોટડીયા, નિરવ માંડલેવાલા, સીએ પ્રદીપ સિંઘી તથા પૂર્વ પ્રમુખો અને ઉદ્યોગકારો ઉપસ્થિત રહયા હતા.





# કેન્દ્રિય મંત્રી શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજીની હાજરીમાં મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગકારોએ રૂપિયા ૨૧૯૬ કરોડનો એક્સપોર્ટ કરવાનો સ્વયંભૂ સંકલ્પ લીધો





ALWAYS
PURE VEG

ATUL
BAKERY
House of Freshness

# Deliciousness
## Baked Fresh Every Day



**Customer Care : +91 99138 70005** (9 am - 9 pm)

info@atulbakery.com www.atulbakery.com Facebook/bakeryatul atul_bakery




# મિશન ૮૪ અંતર્ગત ચેમ્બર ઓફ કોમર્સે તાર્કિક રીતે દેશમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે પ્રયાસ કર્યો છે, જે ખૂબ જ પ્રશંસનીય છે : કેન્દ્રિય મંત્રી શ્રી પરષોત્તમભાઇ રૂપાલાજી

કેન્દ્રિય મંત્રી પરષોત્તમભાઇ રૂપાલાજીએ જણાવ્યું હતું કે, ભારતના વડાપ્રધાન ગમે તેટલા પ્રયાસ કરશે તો તેઓ એક ડગલું આગળ વધી શકશે પણ જ્યારે આખા દેશની જનતા એમાં જોડાય અને પ્રયાસ કરે તો ભારત ૧૪૦ કરોડ ડગલા આગળ જશે. ભારત સરકાર, 'સબકા સાથ, સબકા વિકાસ' અને ત્યારબાદ 'સબકા વિશ્વાસ' સૂત્રની સાથે આગળ વધી હતી અને હવે 'સબકા પ્રયાસ'ના સૂત્ર સાથે આગળ વધી રહી છે. એવી રીતે સુરતની ચેમ્બર ઓફ કોમર્સે પણ 'સબકા પ્રયાસ' સૂત્રને સાર્થક કરવા માટે પ્રયાસ શરૂ કર્યો છે. સરકારે શું કર્યુ તેના કરતા દેશ માટે આપણે શું કર્યુ તે સમય આવી ગયો છે અને સુરતની ચેમ્બર ઓફ કોમર્સ એ દિશામાં આગળ વધી છે.


બધાએ એક જ દિશામાં આગળ વધવું પડશે ત્યારે જ દેશ આગળ વધશે અને ભારતના વડાપ્રધાને એવો સમય લાવી દીધો છે. હવે આખી દુનિયાનું વાતાવરણ બદલાઇ ગયું છે. ભારતની તરફ જોવાનો વિશ્વનો દ્રષ્ટિકોણ બદલાઇ ગયો છે. હવે ભારતના ઘઉ પર ૩૦ દેશો નિર્ભર રહે છે. દુધ ઉત્પાદનમાં ભારત વિશ્વમાં નંબર એક પર છે, આથી હવે એક્ષ્પોર્ટ પર ધ્યાન આપવાની જરૂર છે. તેમણે કહયું કે, મિશન ૮૪ અંતર્ગત ચેમ્બર ઓફ કોમર્સે તાર્કિક રીતે દેશમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે પ્રયાસ શરૂ કર્યો છે, જે ખૂબ જ પ્રશંસનીય છે. ભારત સરકાર, સુરતની ચેમ્બર ઓફ કોમર્સની સાથે છે અને આ પ્રયાસને નડતરરૂપ મુશ્કેલીને દુર કરવા સરકાર કટિબદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે, ઇઝરાયેલમાં માર્કેટીંગ ફેડરેશન છે એ આખા વિશ્વમાં રિસર્ચ કરે છે કે કયા દેશમાં કઇ પ્રોડકટની જરૂરિયાત છે. આ રિસર્ચને આધારે ઇઝરાયેલમાં ખેડૂતોને ઉત્પાદનનો ટાર્ગેટ આપવામાં આવે છે. ખેડૂત ઉત્પાદન કરે તે પહેલાં જ ઉત્પાદિત વસ્તુનું વેચાણ થઇ જાય છે, આથી ચેમ્બર ઓફ કોમર્સ આવી ભૂમિકા ઇન્ડસ્ટ્રી માટે ભજવી શકે છે. એના માટે રિસર્ચ વીંગ શરૂ થવી જોઇએ. આખા દુનિયાનો અભ્યાસ કરવાથી સમજાઇ જશે કે કઈ પ્રોડકટની કેટલી જરૂરિયાત છે. આ રિસર્ચને આધારે પ્રોડકટનું ઉત્પાદન કરાશે તો એક્ષ્પોર્ટ વધશે અને નુકસાની પણ થશે નહીં.

આપણી સ્ટ્રેન્થને વધારવાની જરૂર છે. દુનિયાની જરૂરિયાતને ધ્યાને લઇને પ્રોડકટીવિટી વધારવી પડશે. આપણે જે આયાત કરીએ છીએ તેનું ઉત્પાદન કરવું પડશે. એના માટે ચેમ્બર ઓફ કોમર્સે સરકારની પોલિસી સાથે સુસંગત થવાની જરૂર છે. ઇન્ડસ્ટ્રીના પ્રશ્નોને વ્યવસ્થિત રીતે સરકારના ધ્યાન ઉપર લાવવા પડશે. વર્ષ ૨૦૧૪માં દેશમાંથી રૂપિયા ૧૪૦૦૦ કરોડના ઝીંગાનું એક્ષ્પોર્ટ થતું હતું, જે હવે રૂપિયા ૪૦૦૦૦ કરોડનું થઇ ગયું છે. તેમણે કહયું કે, સુરતના ઝીંગા સૌથી ટેસ્ટી હોય છે. સુરતના એકવા કલ્ચરના પ્રશ્નો ચેમ્બર ઓફ કોમર્સના માધ્યમથી સરકાર સમક્ષ રજૂ કરાશે તો એનું ચોકકસપણે નિરાકરણ લાવવામાં આવશે.




**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીએ ૨૧મી ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ૮૪માં વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો હતો. ભારતના મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી ઉદ્યોગના કેન્દ્રિય મંત્રી શ્રી પરષોત્તમભાઈ રૂપાલાજીની હાજરીમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખશ્રીઓ તથા સભ્યોની સાથે કેક કાપીને ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.**











# ચેમ્બર દ્વારા 'મહા સ્વચ્છતા અભિયાન' હાથ ધરાયું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મહાત્મા ગાંધી જન્મ જયંતિની આગલી પ્રભાતે, રવિવાર, તા. ૧લી ઓકટોબર, ૨૦૨૩ના રોજ સવારે ૮:૦૦ કલાકે સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટરના પરિસરમાં 'મહા સ્વચ્છતા અભિયાન'હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયા, ઉપ પ્રમુખ વિજય મેવાવાલા, તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા અને માનદ્મંત્રી નિખિલ મદ્રાસી, ગૃપ ચેરમેનો, મેનેજિંગ કમિટીના સભ્યો તથા ઔદ્યોગિક સંગઠનોના આગેવાનો અને ચેમ્બરના સ્ટાફ કર્મચારીઓ જોડાયા હતા.

'મહા સ્વચ્છતા અભિયાન'માં જોડાયેલા તમામે ચેમ્બર પરિસરમાં સાફ સફાઇ કરીને પોતાના ઘર, ઓફિસ પરિસર, ઔદ્યોગિક એકમો, શેરી મહોલ્લો, એપાર્ટમેન્ટ, સોસાયટી તેમજ શહેરને તથા તેના થકી આખા દેશને સ્વચ્છ રાખવાનો અન્યોને સંદેશો આપ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, સ્વચ્છતા મહા અભિયાન થકી મહાત્મા ગાંધીના મૂલ્યોને નવી પેઢી સુધી લઈ જવા પ્રયાસ કરવાનો છે. સ્વચ્છતા જીવનના દરેક ભાગ સાથે વણાયેલી બાબત છે. સારા આરોગ્ય માટે પણ સ્વચ્છતા જાળવવી જોઇએ. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી પણ વારંવાર સ્વચ્છતાનો સંદેશો આપે છે અને નાગરિકોને સ્વચ્છતા માટે અપીલ કરે છે, આથી બધાએ વડાપ્રધાનની સ્વચ્છતા અંગેની અપીલને અનુસરવી જોઇએ.

વધુમાં તેમણે કહયું હતું કે, લોકો માત્ર પોતાના પરિસરને સ્વચ્છ રાખે તો આખો દેશ સ્વચ્છ થઈ જાય તેમ છે. એના માટે દૃઢ મનોબળ સાથે આદત સુધારવાની જરૂર છે. ફિઝિકલની સાથે મનની પણ સ્વચ્છતા થાય તે દિશામાં આગળ વધીએ. સ્વચ્છતા વિષે મે મારી ફરજ બજાવી એવો સંદેશો જવો જોઇએ એવી અપીલ તેમણે બધાને કરી હતી.

માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ 'મહા સ્વચ્છતા અભિયાન' હેઠળ સ્વચ્છતાની દિશામાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તા. ૧લી ઓકટોબરથી ૧૫ ઓકટોબર ૨૦૨૩ દરમ્યાન આયોજિત થનારા 'સ્વચ્છતા પખવાડિયું' વિષે માહિતી આપી હતી. સ્વચ્છતા પખવાડિયા દરમિયાન શહેરની અનેક શાળાઓ, ઔદ્યોગિક એકમો, ઔદ્યોગિક વસાહતો, એપાર્ટમેન્ટ, સોસાયટી અને શેરી - મહોલ્લામાં હાથ ધરાનારા કાર્યક્રમની માહિતી આપી હતી.

# સમૃદ્ધ પ્રાકૃતિક




ડાંગના કઠોળ, ડાંગના ચોખા, નાગલી(રાગી) વેફર્સ,
પાપડ, મસાલા વેફર્સ, તથા ડાંગની અન્ય પ્રોડક્ટ મળશે

ડાંગ જીલ્લાના ખેતપેદાશોનું વેચાણ કેન્દ્ર



## NARMADA SURAT HONEY PRODUCER COMPANY LIMITED


# BEE FARMING

## SAMRUDDH HONEY



TEST OUR NATURAL HONEY PROCEED By MORDEN TECHNOLOGY




Ubhel Gam, Nh-8, District Surat, (Gujarat) Mo. 98986 08799

**Mo. 98986 08799** GSTIN NO :- 24ADLFS4349E1ZZ

# સમૃદ્ધ હની હાઉસ




## શુધ્ધ અને સાત્વિક મધ



કુદરતી ખેત પેદાશનાં ફુલનું અલગ અલગ ફલેવર નું મધ મળશે.

પોલોન, વેક્ષ, મધનો સાબુ, મધનુ શેંપુ, દેશી ગોળ, મસાલા ગોળ, અજમાનું પાણી

# ભારતના જાણીતા અર્થશાસ્ત્રી દેવેન ચોકસીએ ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ પ્રોજેકટથી પ્રભાવિત થઇ સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયાની અધ્યક્ષતા હેઠળ માનદ્મંત્રી નિખિલ મદ્રાસી અને માનદ્ખજાનચી કિરણ ઠુમ્મરે ગુરૂવાર, તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ મુંબઇ ખાતે ડીઆર ચોકસી ફિનસર્વ પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેકટર તેમજ સ્ટોક માર્કેટ, ઈન્વેસ્ટમેન્ટ, ટ્રેડીંગ, સ્ટોકસ અને દેશની આર્થિક બાબતોના નિષ્ણાંત તરીકે નેશનલ બિઝનેસ ન્યુઝ ચેનલોમાં એકસપર્ટ વ્યુ આપનારા જાણીતા અર્થશાસ્ત્રી દેવેન ચોકસી સાથે મુલાકાત કરી હતી.

ચેમ્બર પ્રમુખે, દેવેન ચોકસી સમક્ષ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ રજૂ કર્યો હતો અને ભારતની અર્થ વ્યવસ્થાને વધુ મજબુત બનાવવા હેતુ ગુજરાત સહિત સમગ્ર દેશભરમાંથી એક્ષ્પોર્ટ વધારવા માટે આ પ્રોજેકટના મહત્વ વિષે વિસ્તૃત ચર્ચા કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ગુજરાત રિજીયન સહિત ભારતભરમાંથી એક્ષ્પોર્ટ વધારવા માટે પ્રયાસ થઇ રહયો છે. એના માટે ચેમ્બર ઓફ કોમર્સ ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવવા જઇ રહી છે, જેની સાથે ગુજરાતના ૮૪૦૦૦ ઉદ્યોગકારો અને વિશ્વના જુદા-જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરાશે.

આ ઉપરાંત ભારતની ૮૪ જેટલી ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવામાં આવશે. એવી જ રીતે ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ તેમજ ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા એમ્બેસેડર્સને એક પ્લેટફોર્મ પર લાવી ઉદ્યોગકારોને વ્યાપાર માટે જે તે દેશોના કાયદા અને નિયમો વિષે માર્ગદર્શન આપવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. જે અંતર્ગત જુદા-જુદા દેશોના ઉદ્યોગ નિષ્ણાંતો, કોન્સ્યુલ જનરલો અને એમ્બેસેડરો સાથે વર્ચ્યુઅલ મિટીંગમાં ઉદ્યોગકારોને માર્ગદર્શન અપાઇ રહયું છે તેમ ચેમ્બર પ્રમુખે વધુમાં જણાવ્યું હતું.

અર્થશાસ્ત્રી દેવેન ચોકસી, ચેમ્બર પ્રમુખની મિશન ૮૪ અંગેની રજૂઆત સાંભળી ખૂબ જ પ્રભાવિત થયા હતા. તેમણે પોતે પણ આખા પ્રોજેકટ અંગેની ઝીણવટભરી માહિતી પ્રાપ્ત કરી હતી. ભારતને આર્થિક રીતે વધુમાં વધુ મજબૂત બનાવવા માટે મિશન ૮૪ પ્રોજેકટ ખૂબ જ અગત્યનો છે તેમ તેમણે ચેમ્બર પ્રમુખને જણાવ્યું હતું. તેમણે કહયું હતું કે, આ પ્રોજેકટ ખૂબ જ સારો છે અને તેને સફળ બનાવવા માટે ઘણી મહેનત કરવી પડશે. આ પ્રોજેકટના અમલીકરણ માટેના જરૂરી મુદ્દાઓની તેમણે ચેમ્બરના પદાધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા પણ કરી હતી અને સમગ્ર પ્રોજેકટને સાકાર કરવા માટે જરૂરી માર્ગદર્શન પણ તેઓ આપશે તેમ જણાવ્યું હતું.

તેમણે ભારત સરકારના નાણાં મંત્રાલયમાં આ પ્રોજેકટને રજૂ કરવામાં ચેમ્બર ઓફ કોમર્સની સાથે રહેશે ત્યાં સુધીની ખાતરી આપી હતી. ભારત સરકારના નાણાં મંત્રાલય સિવાયના પણ સંબંધિત મંત્રાલયો તેમજ આર્થિક બાબતોના વિભાગોમાં પણ આ સંદર્ભે રજૂઆત કરવામાં તેઓ ચેમ્બરની સાથે રહેશે તેમ તેમણે જણાવ્યું હતું.

આ ઉપરાંત ચેમ્બર ઓફ કોમર્સ, મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત જે ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવવા જઇ રહી છે તેમાં પણ તેઓ સંપૂર્ણ સહયોગ આપશે તેમ તેમણે જણાવ્યું હતું. ભારત સરકારનું જેમ પોર્ટલ બનાવનારા નિષ્ણાંતોનું માર્ગદર્શન ચેમ્બર ઓફ કોમર્સને મળી રહે તે માટે તેઓની સાથે મુલાકાત કરાવવાની પણ ખાતરી તેમણે ચેમ્બરના પદાધિકારીઓને આપી હતી. આવી રીતે તેમણે મિશન ૮૪ પ્રોજેકટ માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને સંપૂર્ણ સહકાર આપવાનું જણાવ્યું હતું.

# CASX

ENHANCE YOUR MONEY POWER

# CasX તરફથી શુભેચ્છાઓ!




CasX એ ભારતનું
પ્રથમ અને એકમાત્ર ફિનટેક સ્ટાર્ટઅપ છે,
જેનું મુખ્ય કાર્યાલય સુરતમાં છે.

જે તેના વપરાશ કર્તાઓને
એવી જગ્યાઓ પર બચત કરવામાં મદદ કરે છે
જ્યાં તમને કોઈ બચત મળતી નથી.

**હા! તમે બરાબર સાંભળ્યું છે, સૌ પ્રથમ વાર, પેટ્રોલ, ડીઝલ, CNG, યુટિલિટી બિલની ચુકવણીઓ સાથે દર મહિને ફ્રી મૂવી ટિકિટ અને ટોપ બ્રાન્ડ્સમાં ખરીદી પર વિશિષ્ટ ડિસ્કાઉન્ટનો લાભ લો.**



**અને હા! અમે ફક્ત 1-2% ડસ્કાઉન્ટ વિશે વાત નથી કરી રહયા,**

અમે તો **ફ્લેટ 10% ડિસ્કાઉન્ટ** વિશે વાત કરી રહયા છીએ અને તે પણ **અપફ્રન્ટ**.

**કોઈ કૅશબૅક નહી, કોઈ રિવોર્ડ પૉઈન્ટ્સ નહી,**

## 10% અપફ્રન્ટ તમે ઓછું ચૂકવો છો !

SCAN NOW
TO SIGN UP:

**+91 92803 92804**

*Prices, Discounts, Brands, etc. may fluctuate from time to time without any prior notice.*

T&C APPLY*




# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'ટ્રાફિક અવેરનેસ રોડ શો' યોજાયો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બીજી ઓકટોબર મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે સોમવારે સાંજે ૫:૪૫ કલાકે ઉધના - મગદલ્લા રોડ સ્થિત બ્રેડલાઈનર સર્કલ પાસે 'ટ્રાફિક અવેરનેસ રોડ શો'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય ઉદ્દેશ્ય સીટ બેલ્ટ પહેરવાથી ગંભીર અકસ્માતમાં કારચાલકોને મળતા રક્ષણ અંગેની માહિતી આપવાનો હતો.

ટ્રાફિક અવેરનેસ રોડ શો દરમિયાન ટ્રાફિક વિભાગના કમર્ચારીઓ અને ચેમ્બર ઓફ કોમર્સના ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવરનેસ કમિટીના સભ્યો દ્વારા કારચાલક તથા કારમાં સવાર વ્યકિતઓને સીટ બેલ્ટ પહેરાવીને તેમને ફુલ આપવામાં આવ્યું હતું. સાથે જ તેઓને સીટ બેલ્ટ પહેરવાના ફાયદા વિષે સમજણ આપવામાં આવી હતી. ગંભીર અકસ્માતમાં સીટ બેલ્ટ પહેરવાને કારણે કારચાલક તથા કારમાં સવાર વ્યકિતઓનો જીવ બચ્યો હોય તેવા અનેક કિસ્સાઓ સામે આવ્યા છે, ત્યારે વધુને વધુ લોકોમાં સીટ બેલ્ટ પહેરવા અંગે જાગૃતિ ફેલાય તે મહત્વનું છે.

ટ્રાફિક અવેરનેસ રોડ શોમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયા, ટ્રાફિક શાખાના પોલિસ ઈન્સ્પેકટર એચ.બી. ઝાલા તથા ટ્રાફિક પોલીસ કર્મીઓ, ટીઆરબીના કર્મચારીઓ તથા ચેમ્બર ઓફ કોમર્સની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન કામિની ડુમસવાલા તથા કો-ચેરમેનો કૃષ્ણરામ ખરવર અને મુકેશ પટેલ ઉપરાંત કમિટીના સભ્યો ઈન્દ્રવદન મહાદેવવાલા, બ્રિજેશ વર્મા, રક્ષા બુકસેલર અને મિનેષભાઈ ઉપસ્થિત રહયા હતા.




Chariot coffee
WORLD'S FINEST GOURMET
Chariot NEW YORK
ARABICA
RICH AROMA INSTANT COFFEE
www.chariotcoffee.com
chariot.coffee




# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ‘ લીડરશિપ ધ ગાંધી વે ’ પર સેમિનાર યોજાયો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સોફ્ટ સ્કીલ ડેવલપમેન્ટ કમિટી દ્વારા બુધવાર, તા. ૪ ઓકટોબર ૨૦૨૩ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા ખાતે ’લીડરશિપ ધ ગાંધી વે’વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિનીયર કોર્પોરેટ ટ્રેઈનર એન્ડ બિઝનેસ ગ્રોથ સ્ટ્રેટેજિસ્ટ મૃણાલ શુકલએ ફિલ્મના સીન થકી મહાત્મા ગાંધીમાં રહેલા લીડરશિપના ગુણો અંગે ચર્ચા કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી પાસેથી સ્વચ્છતા ઉપરાંત પણ ઘણું બધું શીખવા જેવું છે. જેમાંથી એક ગુણ લીડરશિપ. લીડરશિપ એક મહત્વનો ગુણ છે અને એ બધામાં હોતો નથી. લીડરશિપ અંગે જ્યારે પણ આપણે વિચારીએ ત્યારે મહાત્મા ગાંધીજીના વિચારો યાદ આવે છે. તેમણે પોતાના વક્તવ્યમાં ગાંધીજીની લીડરશિપનું ઉદાહરણ તરીકે ચંપારણ સત્યાગ્રહનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ગાંધીજીએ ભાષણબાજી અને ખોટી જાહેરાતોથી દૂર રહીને માત્ર સાદગીથી જ સત્યાગ્રહ શરૂ કર્યો હતો. ચંપારણ સત્યાગ્રહ ૧૦ મહિના સુધી ચાલ્યો હતો અને ગાંધીજીના આ સત્યાગ્રહથી ખેડૂતોને ૧૦૦ વર્ષથી થતા અન્યાયનો અંત આવ્યો હતો.

વક્તા મૃણાલ શુક્લએ ગાંધીજીના લીડરશિપ અંગેના ગુણો વિશે ચર્ચા કરતા કહયું હતું કે, ’ગાંધીજીને ક્રિટિસાઈઝ કરવા અથવા તેમની ટીકા કરવા પહેલા તેમના ગુણો અને તેમના જીવન વિશે સંપૂર્ણ માહિતી મેળવવી જોઈએ. ગાંધીજીને મહામાનવ નહીં પણ માનવ ગણીને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. દરેક વ્યક્તિ પોતાના જીવનમાં ભૂલો કરે છે, પણ તેનો સ્વીકાર કરવો અને ભૂલ ફરીથી નહીં થાય તેનો પ્રયાસ કદાચ જ હાલમાં કોઈ વ્યક્તિ કરતા હોય છે. માત્ર ભારતીયો ગાંધીજીથી પ્રભાવિત થયા નથી, પરંતુ વિદેશીઓ પણ તેમના વિચારોથી પ્રભાવિત થયા છે અને તેમના આદર્શોને માન આપે છે. હાલ ૨૧મી સદીમાં પણ અમેરિકા જેવા તાકાતવાર દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા ગાંધીજીને આદર્શ માને છે.’

કાર્યક્રમની શરૂઆત ચેમ્બર ઓફ કોમર્સના સોફ્ટ સ્કીલ્સ ડેવલપમેન્ટ કમિટીના સભ્ય કલ્પેશ દેસાઈએ ઉપસ્થિત મહેમાનોના સ્વાગત સાથે કરી હતી. ત્યારબાદ ચેમ્બરની સોફ્ટ સ્કીલ્સ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ચિરાગ દેસાઈએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. વ્યક્તિત્વના વિવિધ પાસાઓને લઈને લીડરશિપ અંગે ચર્ચા કરવી ખૂબ જ મહત્વનું છે. કાર્યક્રમમાં પબ્લિક રિલેશન્સ કમિટીના ચેરપર્સન નિશાબેન આણંદે મૃણાલ શુક્લના અનુભવ અને તેમણે વિવિધ પદો પર બજાવેલી ફરજનો પરિચય આપ્યો હતો.

સેમિનારના અંતે ઉપસ્થિતોના સવાલોના જવાબ વક્તા મૃણાલ શુક્લ દ્વારા આપવામાં આવ્યા હતા અને તમામ ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકોની આભાર વિધી કલ્પેશ દેસાઈ દ્વારા કરવામાં આવી હતી. સેમિનારમાં ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલીન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, ચેમ્બરની સોફ્ટ સ્કીલ્સ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ચિરાગભાઈ દેસાઈની સાથે વિવિધ ઔદ્યોગિક એકમો સાથે જોડાયેલા ઉદ્યોગ સાહસિકો હાજર રહ્યા હતા.


Festive Sale!!
Exclusice Collection
"Where the seekers of quality meet the makers"
For the current Jewellery trends follow us on :
D.KHUSHALBHAI
JEWELLERS
Gold | Diamonds | Platinum |
Silver | Gemstones | Lab-Grown
Parle Point, Athwalines,
SURAT
@D.KHUSHALBHAI _JEWELLERS
@D.KHUSHALBHAI
@DKHUSHALBHAI _JEWELLERS
www.dkjewel.com
D-KHUSHALBHAI
+91 982 413 0007
+91 814 017 7714
@DKHUSHALBHAI JEWELLERS






## મુંબઇ સ્થિત IMC અને IBGના પ્રમુખ સહિતના હોદ્દેદારોએ SGCCIના મિશન ૮૪માં જોડાવા ઉત્સાહપૂર્વક તૈયારી દર્શાવી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયાની આગેવાનીમાં માનદ્‌ખજાનચી કિરણ ઠુમ્મર તથા મિશન ૮૪ના કન્વીનર સંજય પંજાબી અને પ્રોજેક્ટ હેડ પરેશ ભટ્ટ સહિતના પ્રતિનિધિઓએ શુક્રવાર, તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ મુંબઇ ખાતે ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ઇન્ડિયન બિઝનેસ ગૃપના પ્રમુખ સહિતના હોદ્દેદારો સાથે મુલાકાત કરી હતી.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ, IBG (ઇન્ડિયન બિઝનેસ ગૃપ ચેમ્બર ઓફ કોમર્સ)- મુંબઇના સંસ્થાપક અને પ્રમુખ વિકાસ મિત્તરસેન તેમજ સીઇઓ પ્રિયા પાનસરે તથા IMC (ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી)- મુંબઇના ડેપ્યુટી ડિરેકટર જનરલ સંજય મહેતા અને શિતલ કાલરો સમક્ષ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેક્ટ રજૂ કર્યો હતો અને ભારતની અર્થ વ્યવસ્થાને વધુ મજબુત બનાવવા હેતુ ગુજરાત સહિત સમગ્ર દેશભરમાંથી એક્ષ્પોર્ટ વધારવા આ પ્રોજેકટના મહત્વ વિષે વિસ્તૃત ચર્ચા કરી હતી.

IBGના તથા IMCના હોદ્દેદારો, ચેમ્બર પ્રમુખની મિશન ૮૪ અંગેની રજૂઆત સાંભળી ખૂબ જ પ્રભાવિત થયા હતા. તેઓએ પોતે પણ આખા પ્રોજેકટ અંગેની ઝીણવટભરી માહિતી પ્રાપ્ત કરી હતી અને મિશન ૮૪માં જોડાવા ઉત્સાહપૂર્વક તૈયારી દર્શાવી હતી. ચેમ્બર પ્રમુખે IBGના તથા IMCના હોદ્દેદારોને પ્રતિનિધિ મંડળ લઇને સુરત આવવા આમંત્રણ આપ્યું હતું અને તેઓએ પણ ચેમ્બર પ્રમુખને સુરતથી ઉદ્યોગકારોના ડેલિગેશનને મુંબઇ લાવવા આમંત્રણ આપ્યું હતું.

IBC અને IMCના હોદ્દેદારોએ તેઓના ઉદ્યોગકાર સભ્યોને પણ મિશન ૮૪માં જોડવા માટેની તૈયારી બતાવી હતી. સાથે જ તેઓના સભ્યો અને SGCCI સભ્યો પોતાના ઉદ્યોગ - ધંધાને વધુ ડેવલપ કરી શકે તે માટે પોતપોતાના અનુભવો એકબીજાને પરસ્પર વ્યકત કરવા માટે વિચાર ગોષ્ઠી ગોઠવવા અંગે પણ વિસ્તૃત ચર્ચા થઇ હતી. મિશન ૮૪ અંતર્ગત નજીકના દિવસોમાં જ આ વિચાર ગોષ્ઠી ગોઠવવા તેઓ સંમત પણ થયા હતા.

આ ઉપરાંત ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ડેપ્યુટી ડિરેકટર જનરલ સંજય મહેતાએ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉદ્યોગકાર સભ્યોને મિશન ૮૪ને સાકાર કરવા માટે મુંબઇ ખાતે IMCની પ્રિમાઇસિસનો ઉપયોગ કરવાનો પ્રસ્તાવ પણ આપ્યો હતો, જે અંગે ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ તેઓનો આભાર પણ વ્યકત કર્યો હતો.

વધુમાં મિશન ૮૪ અંતર્ગત SGCCI અને IBG વચ્ચે વ્યવસાયિક વિચારોની આપ - લે માટે સમજૂતી કરાર કરવામાં આવ્યો હતો. આ સમજૂતિ કરાર પર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયા અને ઇન્ડિયન બિઝનેસ ગૃપના સંસ્થાપક તેમજ પ્રમુખ વિકાસ મિત્તરસેને હસ્તાક્ષર કર્યા હતા.

GENMED® SHOPPES PVT. LTD.
ISO 9001: 2015 Certified Company
महँगाई से आज़ादी

# आरोग्य के क्षेत्र में विश्वसनीय और सर्वोत्तम नाम मतलब जेनमेड!

## जेनमेड की विशेषता

जेनमेड शोपीस प्राइवेट लिमिटेड एक फ्रेंचाइज़ी-आधारित व्यवसाय मॉडल है और ब्रांडेड जेनेरिक दवाओं के सेलिंग के लिए एक विश्वसनीय नाम है।

यह "ISO 9001:2015" प्रमाणित कंपनी ब्रांडेड जेनेरिक दवाओं, ब्यूटी प्रॉडक्ट्स, आयुर्वेदिक, ओटीसी और सर्जिकल प्रॉडक्ट्स पर 5% से 80% की छूट प्रदान करती है।

WE SUPPORT
#startupindia
INDIAN WOMEN
Skill India

## जेनमेड मेडिकल स्टोर फ्रेंचाइज़ी

जेनमेड कंपनी जेनेरिक दवाओं के मेडिकल स्टोर की फ्रेंचाइज़ी के माध्यम से एक सुनहरा अवसर प्रदान करती है जहां कोई भी कम निवेश के साथ अधिक लाभ कमा सकता है और ब्रांडेड जेनेरिक दवाओं का व्यापार करके समाज की सेवा भी कर सकता है।

- पहले दिन से ही 90 कंपनी के 6500+ प्रोडक्ट उपलब्ध
- कम निवेश, ज्यादा मुनाफा
- फ्रेंचाईज़ी नियुक्त करने और नए स्टोर खोलने में जेनमेड द्वारा सहाय
- आपके विस्तार की मोनोपॉली
- कम जनशक्ति की आवश्यकता
- जेनमेड एक प्रसिद्ध ब्रांड, इसलिए इस ब्रांड के लाभ भी होंगे प्राप्त
- अधिक स्टोर, अधिक बिक्री, अधिक मुनाफा
- ब्राडेड कॉस्मेटिक पर भी डिस्काउन्ट उपलब्ध

**24 State**



**70+ City**

GENMED

**300+ Store**

GENMED® MITRA
महँगाई से आज़ादी

## जेनमेड मित्र

जेनमेड मित्र, जेनमेड की एक नई पहल है, जिससे आप शुरु कर सकते हैं आपका अपना FMCG स्टोर!

- मार्केट के सभी ब्राडेड प्रोडक्ट में डिस्काउन्ट
- 1500 से अधिक ब्राडेड FMCG प्रोडक्ट
- एडवांस टेक्नोलॉजी वाली मोबाइल एप पर बिलिंग
- केवल रु.5000 का निवेश
- २४ घंटे में दुकान शुरू
- कोई डिग्री, कोई अनुभव की आवश्यकता नहीं
- जीवन जरूरतों के प्रोडक्ट होने से रोजाना आय


**GENMED SHOPPES PVT. LTD.**
Shop No. 429 to 432,Raghuvir Trade Center,
Opp Landmark Empirs, Saroli, Surat - 395010. India
www.genmedshoppes.com help@genmedshoppes.com
Available on the App Store | GET IT ON Google Play
/genmedshoppes
/genmedshoppes
ISO 9001:2015
FRANCHISE INQUIRY : 8469387000



# ચેમ્બર ઓફ કોમર્સે ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી-૨૦૨૩ની જાહેરાત બદલ રાજ્ય સરકારનો આભાર માન્યો

ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી-૨૦૨૩ જાહેર કરવામાં આવી હતી. આ પોલિસી હેઠળ વિન્ડ, સોલાર અને હાઈબ્રીડ ટેકનોલોજી પર આધારિત રિન્યુએબલ જનરેશન પ્રોડક્ટ્સની સ્થાપનાને સામેલ કરવામાં આવ્યા છે. રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી સોલાર એનર્જી પ્રોજેક્ટમાં ૧ મહિનાના એનર્જી બેકીંગની માંગ હતી, તે રિન્યુએબલ એનર્જી પોલિસી-૨૦૨૩ લાગુ થયા બાદ પૂર્ણ થઈ છે. આ પોલિસી અમલી બનતા દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના તમામ નાના તથા મધ્યમ ઉદ્યોગ સાહસિકોને તેનો લાભ થશે તેવી સંભાવના ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ વ્યક્ત કરી છે.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ ગુજરાત સરકારનું અભિવાદન કરતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા જૂન- ૨૦૨૨માં ગ્રીન એનર્જી ઓપન એસેસ રૂલ લાવવામાં આવ્યો હતો. જેમાં સંપૂર્ણ ભારતમાં એક જ પ્રકારની રિન્યુએબલ પોલિસી વિશે નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. ભારતના અન્ય રાજ્યો મહારાષ્ટ્ર, કર્ણાટક, હરિયાણા, તેલંગાણા, પશ્ચિમ બંગાળ જેવા વિવિધ રાજ્યો દ્વારા ઉપરોક્ત રૂલ્સ અંગે જાહેરાત થઈ ચૂકી છે. ગુજરાતમાં ઉપરોક્ત પોલિસી અમલી થાય તે માટે ચેમ્બર સતત મુખ્યમંત્રી, રાજ્યના ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ, મુખ્ય સચિવ રાજ કુમાર તથા ઉર્જા વિભાગના સચિવ મમતા વર્મા સાથે સતત સંપર્કમાં રહી ઈન્ટિગ્રેટેડ રિન્યુએબલ પોલિસીની માંગ છેલ્લા સવા વર્ષથી કરવામાં કરતી હતી. તથા ગુજરાત ચેમ્બર દ્વારા પણ આ બાબતે સમયાંતરે ગુજરાત સરકારને રજૂઆતો કરવામાં આવતી હતી. ત્યારે ૪ ઓકટોબરના રોજ ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી- ૨૦૨૩ની જાહેરાત બાદ એનો નિવડો આવ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી- ૨૦૨૩ની જાહેરાત બાદ હવે ઉદ્યોગકારો સોલાર પ્રોજેક્ટ, રૂફટોપ, ફ્લોટીંગ સોલાર, કેનાલ ટોપ સોલાર, વિન્ડ સોલાર હાઈબ્રીડ, વિન્ડ રૂફટોપ અને વિન્ડ નાંખી શકશે. તમામ પ્રોજેક્ટ થકી વીજળીનો વપરાશ ૧ મહિનાની એનર્જી બેકીંગ પ્રમાણે એનર્જી બેકીંગ ચાર્જ ચૂકવી કરી શકાશે. આ પોલિસી હેઠળ અંદાજે ૪,૦૦,૦૦૦ એકર જમીનનો ઉપયોગ આવનારા પ્રોજેક્ટસ માટે થવાની સંભાવના હોવાથી રાજ્યના નાગરિકોને તેનો મહત્તમ લાભ થશે. આ પોલિસીના કારણે રાજ્યમાં પાંચ લાખ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ મૂડીરોકાણ રાજ્યના અને દેશના વિકાસમાં મહત્વનો ફાળો ગણાશે.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ પોલિસીની જાહેરાતથી દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો હવે વીજળી ખર્ચમાં ઘટાડો કરી શકશે તેવા દૃઢ નિશ્ચય સાથે દક્ષિણ ગુજરાત ચેમ્બર અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો/વતી રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, માનનીય મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ તથા તમામ સરકારી અધિકારીઓનો આભાર માન્યો હતો.

JOGANI® REINFORCEMENT

# बांधकाम मे क्रॅक से परेशान ?

जोगानी® ग्लास फाइबर मेश
दिलाए दरारोंसे मुक्ती |



JOGANI® Fiber Glass Mesh
**India's No.1 Brand**

+91 9107 690 690
www.joganireinforcement.com

# CRACK
## COTROL TECHNOLOGY

- JOGANI® Fiber Glass Mesh
- Construction Joint Mesh
- JOGANI® Waterproofing Mesh

**Advantages of using Fiber Glass Mesh**

Leno Weaving Technology | Work with both Cement and Gypsum | High Tensile Strength | User Friendly

Alkali Resistance Fiber Glass Mesh
JOGANI PLASTER MESH

Engineer's No.1 Choice




**MORE STRENGTH | MORE DURABILITY | CRACK CONTROL**



# ચેમ્બરની લેડીઝ વીંગ દ્વારા 'કેર ટુ કયોર યોર હેલ્થ જર્ની' વિશે સેમિનાર યોજાયો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની લેડીઝ વીંગ દ્વારા તુલીપ હેલ્થ કેર સેન્ટરના સહયોગથી ગુરૂવાર, તા. ૫ ઓકટોબર, ૨૦૨૩ના રોજ બપોરે ૩:૩૦ કલાકે ઘોડદોડ રોડ સ્થિત તુલીપ હેલ્થ કેર સેન્ટર ખાતે 'કેર ટુ કયોર યોર હેલ્થ જર્ની' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ડો. પ્રણવ શાહ અને ડો. ડિમ્પલ સતવાણી દ્વારા લેડીઝ વીંગની મહિલા સાહસિકોને આરોગ્ય સંબંધિત કાળજી રાખવા ઉપરાંત બ્રેસ્ટ કેન્સર, સર્વાઈકલ કેન્સર અને પીસીઓડી અંગે જાણકારી આપવામાં આવી હતી.

ડો. પ્રણવ શાહે મહિલાઓને હાલના દોડધામભર્યા જીવનમાં પોતાની અને પરિવારના સભ્યોની શારીરિક કાળજી કેવી રીતે લેવી તે વિશે સમજણ આપી હતી. સાથે જ તેમણે મહિલા સાહસિકોને સોશિયલ મીડિયાના વિવિધ એપ્લિકેશન્સ પર આવતા આરોગ્ય સંબંધિત વીડિયો અને મેસેજમાં બતાવેલા ઉપચારને અનુસરવાને બદલે માત્ર ડોકટરનો જ સંપર્ક કરવાની સલાહ આપી હતી. તેમણે વિવિધ તબીબી પરીક્ષણો અંગે પણ માહિતી આપી હતી.

ડો. ડિમ્પલ સતવાણીએ મહિલા સંબંધિત વિવિધ બીમારીઓ વિશે માહિતી આપી હતી. તેમણે કહયું હતું કે, મહિલાઓએ પોતાના ઘર અને ઓફિસની સાથે પોતાની પણ કાળજી લેવાની છે. યોગ્ય કાળજી ન લઈએ તો બીમારી મોટું સ્વરૂપ ધારણ કરી શકે છે. હાલમાં અનેક મહિલાઓને થતાં બ્રેસ્ટ કેન્સર, સર્વાઈકલ કેન્સર અને પીસીઓડી જેવી ગંભીર બીમારીઓથી બચવા માટે તેમણે જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સની લેડીઝ વીંગના ચેરપર્સન મનિષા બોડાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. વાઈસ ચેરપર્સન ગીતા વઘાસિયાએ સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. એડવાઈઝર રોમાબેન પટેલે વકતા ડો. પ્રણવ શાહનો પરિચય આપ્યો હતો અને સભ્ય તસ્નીમ ડોકટરે ડો. ડિમ્પલ સતવાણીનો પરિચય આપ્યો હતો. જ્યારે લેડીઝ વીંગના સેક્રેટરી પ્લવનમી દવેએ સમગ્ર સેમિનારનું સંચાલન કર્યું હતું. વકતાઓએ મહિલા ઉદ્યોગ સાહસિકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.

**KLICK** photo book ™
Sweet 'N' Slim SURAT
*We understand your need.....*

INDIA'S LARGEST COMPANY IN PHOTO BOOK

Since 1993, Investing in new technologies
at a right time, as a trusted Brand
**"KLICK PHOTO BOOK"** in photo books Business,
Today we are all set with complete in house solution.

**KLICK PHOTO BOOK** a well known brand
for its up to the mark printing quality,

We are glad to inform you that you'll
no need to store your **Travel, Birthday, Occasional, Anniversary, Baby Born**
photos in hard drive any more.

Just send it to us and we will make a
**Beautiful Album** of **Your Photos**






HELPLINE
99047 06088

FOR INQUIRY
99795 94187

Follow us :




# GCCIના હોદ્દેદારો અને દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક એસોસીએશનો વચ્ચે ઇન્ટરેકટીવ બિઝનેસ ગ્રોથ મિટીંગ મળી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૭ ઓકટોબર, ર૦ર૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સંહતિ, સરસાણા ખાતે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી- અમદાવાદના સિનિયર ઉપ પ્રમુખ સંદિપ એન્જીનિયર, માનદ્મંત્રી અપૂર્વ શાહ અને માનદ્ મંત્રી રિજીયોનલ પ્રશાંત પટેલ તથા દક્ષિણ ગુજરાતના વિવિધ ઔદ્યોગિક એસોસીએશનોના પ્રતિનિધિઓ સાથે ઈન્ટરેકટીવ બિઝનેસ ગ્રોથ મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઔદ્યોગિક એસોસીએશનોએ તેઓને નડતરરૂપ વિવિધ પડતર પ્રશ્નો મામલે રજૂઆતો કરી હતી.

ખાસ કરીને હાલમાં જ ટેક્ષ્ટાઈલ ક્ષેત્રે અમલી બનેલા કવોલિટી કન્ટ્રોલ ઓર્ડરને કારણે ઉદ્ભવેલી પરિસ્થિતિ અંગે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદ્દેદારોને વાકેફ કરવામાં આવ્યા હતા. વોટરજેટ વિવિંગ ઉદ્યોગને પર્યાવરણ સંબંધિત પ્રશ્નો મામલે પણ રજૂઆત કરાઈ હતી. આ ઉપરાંત ઉદ્યોગકારોએ ટેક્ષ્ટાઈલની ટફ સ્કીમ અંગે પણ રજૂઆત કરી હતી. સુરતમાં ઈન્ટરનેશનલ એર કનેકટીવિટી વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી.

સાઉથ ગુજરાત વોર્પ નીટર્સ એસોસીએશને તેઓને નડી રહેલા વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. FSSAI (ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા)ની લાયસન્સ પ્રક્રિયા અંગે પણ ઉદ્યોગકારો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. વિવિધ એસોસીએશનના પ્રતિનિધિઓએ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની વિવિધ કમિટીઓમાં સ્થાન આપવા માટે અનુરોધ કર્યો હતો.
ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયાએ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટને રજૂ કર્યો હતો અને ભારતની અર્થ વ્યવસ્થાને વધુ મજબુત બનાવવા હેતુ ગુજરાત સહિત સમગ્ર દેશભરમાંથી એક્ષ્પોર્ટ વધારવા આ પ્રોજેકટના મહત્વ વિષે વિસ્તૃત ચર્ચા કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ અંતર્ગત સુરત ખાતે આગામી તા. ર૧ ઓકટોબર ર૦ર૩ના રોજ ભારતના કેન્દ્રિય મંત્રીની હાજરીમાં 'ચેમ્બર ટુ ચેમ્બર કોન્ફરન્સ'નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં આખા ભારતની તમામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને આમંત્રણ આપવામાં આવ્યું છે. મિશન ૮૪ અંતર્ગત દેશની બધી જ ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો તેમજ પ્રતિનિધિઓ એક પ્લેટફોર્મ પર આવશે તથા એકબીજાને પરસ્પર વ્યવસાયિક વિચારોનું આદાન - પ્રદાન કરશે.

GCCI અને SGCCI બંને, એકબીજાને પરસ્પર વ્યવસાયિક વિચારોના આદાન - પ્રદાન માટે સહમત થયા હતા. આ ઉપરાંત GCCIની યુથ વીંગ સુરત આવશે અને SGCCIની યુથ વીંગ સાથે મિટીંગ કરી ગુજરાતના યુવા ઉદ્યોગ સાહસિકોને બિઝનેસમાં તેમજ એક્ષ્પોર્ટ વધારવાની દિશામાં માર્ગદર્શન મળી રહે તે હેતુ બંને ચેમ્બર ઓફ કોમર્સ એકસાથે મળીને વિવિધ પ્રવૃત્તિઓ કરશે તે માટે પણ સહમત થયા હતા.

ઉપરોકત ઈન્ટરેકટીવ બિઝનેસ ગ્રોથ મિટીંગમાં ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલા, માનદ્મંત્રી નિખિલ મદ્રાસી, ભૂતપૂર્વ પ્રમુખ આશીષ ગુજરાતી, ગૃપ ચેરમેન ભાવેશ ટેલર તથા ચેમ્બરની એસોસીએશન લાયઝન કમિટીના એડવાઈઝર દેવકિશન મંઘાણી અને વિવિધ ઔદ્યોગિક એસોસીએશનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા.





# ૧૦થી વધુ દેશોના ટ્રેડ કાઉન્સીલર - એમ્બેસેડરોની દ્વિપક્ષીય વ્યાપારિક સંબંધો મજબૂત કરવા મિશન ૮૪ને સહયોગ આપવાની ખાત્રી

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયાની આગેવાનીમાં મિશન ૮૪ પ્રોજેકટના હેડ પરેશ ભટ્ટ તથા કમિટી સભ્ય કોમલ કુમાર શાહ સહિતના પ્રતિનિધિ મંડળે તા. ૩ અને ૪ ઓકટોબર, ૨૦૨૩ના રોજ નવી દિલ્હી ખાતે વિવિધ દેશોના કોન્સુલ જનરલ, એમ્બેસેડર તથા ટ્રેડ કાઉન્સીલરો સાથે રૂબરૂ મુલાકાત કરી હતી.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ એશિયા આફ્રિકા રૂરલ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનની (AARDO) ભારતની ઓફિસમાં કાર્યરત સેક્રેટરી જનરલ મનોજ નરદોસિંઘ તથા ઈન્ડિયા ચેપ્ટર હેડ સંજીબ બહેરાની સાથે મુલાકાત કરી તેમની સમક્ષ મિશન ૮૪ પ્રોજેકટ રજૂ કર્યો હતો. મિશન ૮૪ પ્રોજેકટથી તેઓ ઘણા પ્રભાવિત થયા હતા અને પ્રોજેકટ વિશે તેઓએ પણ ઝીણવટભરી માહિતી મેળવી હતી. એશિયા આફ્રિકા રૂરલ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન, ૩૦થી વધુ આફ્રિકન તથા એશિયન દેશો સાથે સંકળાયેલી સંસ્થા છે. આ સંસ્થાના બંને પદાધિકારીઓએ તેમના કાર્યક્ષેત્રમાં આવતા દરેક દેશને ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ પ્રોજેકટ સાથે જોડવા અનુરોધ કરીશું તેમ ચેમ્બર પ્રમુખને જણાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે મોરેશિયસના હાઈ કમિશ્નર હેમનદોયલ દિલુમ સીએસકે સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ ગિનીના ફર્સ્ટ કાઉન્સીલર અને ચાર્જ ધ અફેર્સ ડો. અમિનાતા થાયમ સાથે, હંગેરીના ઈકોનોમિક એન્ડ ટ્રેડ અફેર્સના ફર્સ્ટ કાઉન્સીલર ડો. ફેરેન તોથ અને ઈકોનોમિક એન્ડ કોમર્શિયલ કાઉન્સીલર લેવેન્ટે કારડોસ, મ્યાનમારના એમ્બેસેડર મોઈ કયો અંગ અને ઈકોનોમિક એટેચી મ્યો મિન્ટ મંગ, ઘાનાના કાઉન્સીલર મુનીરૂ કાદરી, આઈવરી કોસ્ટના કોમર્શિયલ ટ્રેડ કાઉન્સીલર એન્ગો ગેબ્રીલ અકાફુ, શ્રીલંકાના મિનિસ્ટર ટ્રેડ કાઉન્સીલર કોમર્શિયલ એલ.જી. દિશાનાયકે, માલદિવ્જના ફર્સ્ટ કોમર્શિયલ ટ્રેડ કાઉન્સીલર મોહંમદ નાઝીલ, બુરકીનાફાસો દેશના એમ્બેસેડર ડો. ડિઝાયર બોની ફેસ સોમ, વિયેતનામના એમ્બેસેડર ગુએન થા હાય અને એટેચી ગુએન લુંગ ડક સાથે મુલાકાત કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળને ઉપરોકત તમામ દેશોના એમ્બેસેડર અને ટ્રેડ કાઉન્સીલરોએ મિશન ૮૪ પ્રોજેકટને સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી. સાથે જ બંને દેશોના ઉદ્યોગકારો વચ્ચે વ્યાપારિક સંબંધો પ્રસ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે મિટીંગો કરવા માટે સહમતિ દર્શાવી હતી.

આ ઉપરાંત વૈશ્વિક ધોરણે સુરતનો વિયેતનામ સાથે સંબંધ મજબૂત થાય એ દિશામાં ચર્ચા કરવામાં આવી હતી. આર્થિક નીતિઓને ધ્યાને લઈ ગુજરાત સાથે વ્યાપારિક જોડાણ કરવા માટે એ દેશોના ચેમ્બર ઓફ કોમર્સ અને ઉદ્યોગકારો માટે પ્લેટફોર્મ ઉભુ કરવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી.



# ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે વડોદરાની
# કેએલએમ લેબોરેટરીઝ પ્રા. લિ.ની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ લીધી

KLM LABORATORIES PVT LTD

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ઈન્ડસ્ટ્રીયલ ટુર કમિટીના ચેરમેન અરવિંદ બાબાવાલા સહિત ૨૦થી વધુ સભ્યોના પ્રતિનિધિ મંડળે શનિવાર, તા. ૭ ઓકટોબર, ૨૦૨૩ના રોજ વડોદરાની કેએલએમ લેબોરેટરીઝ પ્રા.લિ.ની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ કરી હતી. આ કંપનીના સીએમડી તેમજ સીઇઓ સોહન દધીચે ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળને આવકાર્યું હતું અને કંપની વિષે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. ત્યારબાદ તેમણે ચેમ્બરના સભ્યોને મેન્યુફેકચરીંગ યુનિટોની મુલાકાત કરાવી હતી.

વડોદરા ખાતે આ કંપનીનું અદ્યતન ઉત્પાદન એકમ ૧૦૦૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલું છે. આ એકમમાં ફાર્માસ્યુટિકલ અને કોસ્મેટિક પ્રોડકટ જેવી કે ટેબ્લેટ, કેપ્સ્યુલ્સ, મલમ, લોશન અને ક્રિમ બનાવવામાં આવે છે. નિષ્ણાંત ટેકનિશિયનોની ટીમ સાથે ઉત્પાદન અને ગુણવત્તા નિયંત્રણ માટે અનુભવી ટેકનિકલ સ્ટાફ દ્વારા યુનિટનું સંચાલન કરવામાં આવે છે, જેની વિસ્તૃત માહિતી ચેમ્બરના સભ્યોએ પ્રાપ્ત કરી હતી.

ચેમ્બરની ઈન્ડસ્ટ્રીયલ ટુર કમિટીના ચેરમેન અરવિંદ બાબાવાલાએ મિશન ૮૪ પ્રોજેકટ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી કેએલએમ લેબોરેટરીઝ પ્રા.લિ.ના




સીએમડી તેમજ સીઇઓ સોહન દધીચને મિશન ૮૪ પ્રોજેકટમાં જોડાવા માટે અનુરોધ કર્યો હતો, જેનો તેમણે સહર્ષ સ્વીકાર કર્યો હતો અને મિશન ૮૪ અંતર્ગત ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે તેઓ પણ સહયોગ આપશે તેમ જણાવ્યું હતું.

KLM

# COSMOQ®
## SHAMPOO




Suitable for all Hair Texture

Paraben Free

Safe for Chemically Treated Hair

# COSMOQ®
## HAIR CONDITIONER




Paraben Free

Safe for Chemically Treated Hair

***An Everyday Shampoo & Conditioner.***

# ચેમ્બર દ્વારા સુરત ઇકોનોમિક ફોરમ પ્રિ-લોન્ચ મિટીંગ યોજાઇ




ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત તા. ૦૭ ઓકટોબર, ૨૦૨૩ના રોજ સુરત ઈકોનોમિક ફોરમની પ્રિ-લોન્ચ મિટીંગ મળી હતી. જેમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ મિશન ૮૪ અંતર્ગત સુરત ઈકોનોમિક ફોરમ બનાવવા માટે ઉપસ્થિત મહાનુભાવો તેમજ નિષ્ણાંતોને સૂચનો આપવા અનુરોધ કર્યો હતો.

ચેમ્બરની કેપીટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઈઝર હેમંત દેસાઈએ સુરત ઈકોનોમિક ફોરમ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, સુરત ઈકોનોમિક ફોરમ (SEF)નું મુખ્ય લક્ષ્ય સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત માટે ઈકોસિસ્ટમ ઉભી કરવા માટે સાનુકુળ વાતાવરણ પૂરુ પાડવાનું છે. સુરતના આર્થિક વિકાસને ઝડપી ગતિએ આગળ વધારવા તેમજ તેને ટકાવી રાખવા માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત આ ફોરમને વિશેષ સેટ-અપ તરીકે પ્રમોટ કરાય છે, જેનો મુખ્ય હેતુ સુરત સહિત સમગ્ર ભારત દેશના દરેક નાગરિકનો આર્થિક વિકાસ છે.

સુરત ઈકોનોમિક ફોરમ એ, વર્લ્ડ ઈકોનોમિક ફોરમની લાઈન પર આધારિત છે. આ ફોરમ સમગ્ર વિશ્વમાંથી શ્રેષ્ઠ જ્ઞાન, માહિતી, વિશ્લેષણ અને સંશોધન મેળવવા માટે પ્રયત્નશીલ રહેશે, જેનો ઉપયોગ સ્થાનિક અર્થતંત્રના લાભ માટે કરાશે. 'થિન્ક ગ્લોબલ, એકટ લોકલ'ની વ્યૂહરચના પર આધારિત સુરત ઈકોનોમિક ફોરમ એક પ્રકારે થિન્ક ટેન્કની ભૂમિકા ભજવશે. આ ફોરમ ઉદ્યોગપતિઓ, ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો, અર્થશાસ્ત્રીઓ, શિક્ષણવિદો, સરકાર અને અન્ય સ્ટેક હોલ્ડરોને એક પ્લેટફોર્મ પર લાવવાની ભૂમિકા અદા કરશે. વ્યાપાર - ઉદ્યોગ, ચેમ્બર ઓફ કોમર્સ અને સરકાર એમ ત્રણેયની ભાગીદારી આ ફોરમમાં હશે તથા આ ત્રણેયને એકસાથે જોડીને આ ફોરમ સુરતના આર્થિક વિકાસ માટે મહત્વની ભૂમિકા ભજવશે અને ગુજરાત સહિત સમગ્ર દેશના જીડીપી ગ્રોથમાં યોગદાન આપશે.

નિષ્ણાંત મહેશ રામાનુજમે સુરત ઈકોનોમિક ફોરમની કોન્સેપ્ટ નોટ વાંચી એમાં તેમના તરફથી ત્રણ મુદ્દાઓ ઉમેરવા માટે વિશેષ ભાર આપ્યો હતો. જેમાં ટેકનોલોજી, એન્વાયરમેન્ટ અને સર્ક્યુલર ઈકોનોમીનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું હતું કે, ઉદ્યોગ સાહસિકોને ઈન્કલુઝીવ ગ્રોથ પર ફોકસ કરવાની જવાબદારી સોંપી શકાય તેમ છે. સુરત સહિત ભારતના ઉદ્યોગ સાહસિકોએ પોતાના બિઝનેસ આઈડીયા વિશે ખુલીને વાત કરવી જોઈએ અને અન્ય ઉદ્યોગકારોની સાથે બિઝનેસ આઈડીયા શેર કરવા જોઈએ.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, યુએઈમાં નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૩ દરમ્યાન યોજાનાર COP 28 એકઝીબીશનમાં ચેમ્બર ઓફ કોમર્સે સુરતના ઉદ્યોગકારોને પાર્ટીસિપેટ કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડવું જોઈએ. નોલેજ લીડરશિપ અને ક્રિએટીવિટીને એક્ષ્પોર્ટ કરવી જોઈએ અને ઉદ્યોગ સાહસિકોને ગ્લોબલી પ્લેટફોર્મ પૂરુ પાડવું જોઈએ.

પી.પી. સવાણી યુનિવર્સિટીના પ્રો-વોસ્ટ ડો. પરાગ સંઘાણીએ જણાવ્યું હતું કે, સુરત ઈકોનોમિક ફોરમનું બધી જગ્યાએ પ્રમોશન કરવું જોઈએ. જેથી કરીને એના માટેની જે મુશ્કેલીઓ હશે તે સામે આવશે અને તેનું નિરાકરણ લાવી શકાશે. તેમણે કહયું હતું કે, શોર્ટ ટર્મ ગોલ્સ નકકી કરી તેના પર ફોકસ કરવો જોઈએ. સુરત ઈકોનોમિક ફોરમમાં સુરત મહાનગરપાલિકાને પણ સમાવિષ્ટ કરવા જોઈએ.

ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ સુરત શહેરમાં મોબિલિટી, સિટી ઈન્ફ્રાસ્ટ્રકચર અને ઈન્ડસ્ટ્રી ઈન્ફ્રાસ્ટકચર વિશે વાત કરી હતી. સુરતના ઈકોનોમિક ગ્રોથ માટે ઘણી બધી બાબતોની સ્ટડી કરવી જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.

ટેકનોક્રેટ હરેશ કલકત્તાવાલાએ જણાવ્યું હતું કે, સુરત ઈકોનોમિક ફોરમ માટે વિઝન ડોકયુમેન્ટ બનાવવું જોઈએ. મહત્વના ત્રણથી ચાર ગોલ નકકી કરી તેના પર કામ કરવું જોઈએ.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સિદ્ધાર્થ માંડલેવાલાએ જણાવ્યું હતું કે, અત્યારે સુરતની ઈકોનોમી ૫૯ બિલિયન યુએસ ડોલર છે. ૨૦ ટકા ગ્રોથ રેટ સાથે ચાલીશું તો આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં ૨૧૦ બિલિયન યુએસ ડોલર પર પહોંચીશું. લઘુ ઉદ્યોગો, સરળતાથી બિઝનેસ કરી શકે અને ટકી શકે તે માટેની સિસ્ટમ ઉભી કરવી પડશે. ગ્રામિણ વિસ્તારોમાં ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવું પડશે. તેમણે કહયું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સંચાલિત SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સુરતના અંતર્ગત આંત્રપ્રિન્યોરશિપ પર કોર્ષ ડિઝાઈન કરવો જોઈએ.

ઉપરોકત મિટીંગમાં ચેમ્બર ઓફ કોમર્સના માનદ્‌ખજાનચી કિરણ ઠુમ્મર, મિશન ૮૪ના પ્રોજેકટ હેડ પરેશ ભટ્ટ, સીએ પંકજ મહેશ્વરી, ચેમ્બરની કેપીટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો ચેરમેન રાકેશ દોષી, ડો. નિરવ મંડિર તથા ચેમ્બરના ગૃપ ચેરમેનો સીએ અનુજ જરીવાલા, દીપક કુમાર શેઠવાલા, ચેમ્બરની બેન્કીંગ કમિટીના ચેરમેન સીએ વિપુલ શાહ અને એસોસીએશન લાયઝન કમિટીના કો ચેરમેન અમિત શાહ, અતુલ પાઠક વિગેરે ઉપસ્થિત રહયા હતા.

Lotus® MASALA Since 1963

58 YEARS OF TRUST

MORE THAN
# 30 VARIETIES
OF INSTANT SPICES & PASTE


*Instant Paste*
FOR AN INCREDIBLE TASTE

AVAILABLE IN **4+** COUNTRIES

**30+** PRODUCTS

**3000+** RETAIL OUTLETS

BUY ONLINE AT
www.lotusmasala.com




## TRADER INQUIRES ARE OPEN

lotusmasala@gmail.com | www.gujaratfoodproducts.com




## ચેમ્બર ઓફ કોમર્સના જીએફઆરઆરસી દ્વારા ટેક્ષ્ટાઇલ પર્વની શરૂઆત કરાઇ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના જીએફઆરઆરસી (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા સોમવાર, તા. ૯ ઓકટોબર, ૨૦૨૩થી સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ટેક્ષ્ટાઈલ પર્વનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૫:૦૦ કલાકે ટેક્ષ્ટાઈલ પર્વનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો, જેમાં ભારત સરકારના એડીશનલ ટેક્ષ્ટાઈલ કમિશ્નર એસ.પી. વર્મા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહયા હતા.

જ્યારે ફિઆસ્વીના ચેરમેન તેમજ ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ ભરત ગાંધી અતિથિ વિશેષ તરીકે હાજર રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. માનદ્‌ખજાનચી કિરણ ઠુમ્મર, ભૂતપૂર્વ પ્રમુખો આશીષ ગુજરાતી અને પ્રફુલ્લ શાહ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.

જીએફઆરઆરસીના ચેરમેન ગિરધરગોપાલ મુંદડાએ ટેક્ષ્ટાઈલ પર્વની રૂપરેખા આપી હતી. કો-ચેરમેન ઉમેશ ક્રિષ્ણાનીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. માનદ્મંત્રી નિખિલ મદ્રાસીએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.




# સુરત, કાપડમાં અપ રિસાયકલ્સમાં શરૂઆત કરે અને દેશના અન્ય ટેક્ષ્ટાઇલ શહેરો માટે ઉદાહરણરૂપ બને : એડીશનલ ટેક્ષ્ટાઇલ કમિશ્નર એસ.પી. વર્મા

ભારત સરકારના એડીશનલ ટેક્ષ્ટાઈલ કમિશ્નર એસ.પી. વર્માએ જણાવ્યું હતું કે, દેશમાં યુવાનોના કપડાના ઈમ્પોર્ટનું પ્રમાણ વધ્યું છે. ભારતમાં એમએમએફનું ૪ર ટકા અને ફેબ્રિકનું ૫૩ ટકા ઈમ્પોર્ટ થાય છે. હાલમાં ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીને અને દેશને સ્કીલ વર્ક ફોર્સની જરૂર છે. સુરતમાં આગામી ત્રણ વર્ષમાં ૫૦૦ જેટલા ગારમેન્ટ યુનિટ શરૂ થવાના છે ત્યારે ગારમેન્ટ બનાવવા માટે અરીસા જેવું કાપડ હોવું જોઈએ.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા ઉદ્યોગકારોએ હવે વીજળીના ઓછા વપરાશની સાથે એગ્રીકલ્ચર વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ.

તેમણે કહયું કે, ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રી માટે આનંદની વાત એ છે કે, હાલમાં યુએઈ અને યુકેમાં માર્કેટ ઉભરી રહયું છે ત્યારે સુરત, કાપડમાં અપ રિસાયકલ્સમાં શરૂઆત કરે અને દેશના અન્ય ટેક્ષ્ટાઈલ શહેરો માટે ઉદાહરણરૂપ બને તેવી આશા તેમણે ઉદ્યોગકારો માટે સેવી હતી.

ફિઆસ્વીના ચેરમેન તેમજ ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ ભરત ગાંધીએ જણાવ્યું હતું કે, હાલમાં સૌથી મહત્વનું છે કે ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીમાં ટકી રહેવા માટે રિસર્ચ કરીને કાર્ય કરવું જોઈએ.

યુરોપિયન દેશોમાં છ મહિના પહેલા જ રિસર્ચ કરવામાં આવે છે કે માર્કેટમાં કેવા રીતનું કાપડ હાલમાં ટ્રેન્ડમાં છે અને લોકો કયા પ્રકારનું કાપડ પહેરવાનું પસંદ કરે છે.

તેમણે કહયું હતું કે, ફૂડ અને એગ્રીકલ્ચર વિભાગ જે રીતે ટેગ આપે છે એવી રીતે કાપડમાં પણ ટેગ આપવામાં આવે. જે રીતે દેશના ૨૮ રાજ્યોમાં મિનિસ્ટ્રી ઓફ ટેક્ષ્ટાઈલનો એક વિભાગ છે એવી જ રીતે ગુજરાતમાં પણ મિનિસ્ટ્રી ઓફ ટેક્ષ્ટાઈલ બનાવવામાં આવે તેવી માંગ તેમણે કરી હતી.

# વિયેતનામના કોન્સુલ જનરલ અને VIENCના પ્રમુખે મિશન ૮૪માં જોડાવા તૈયારી દર્શાવી, ચેમ્બર ઓફ કોમર્સના નેતૃત્વમાં સુરતથી ઉદ્યોગકારોના ડેલીગેશનને વિયેતનામ આવવા આમંત્રણ આપ્યું



ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૦ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સંહતિ, સરસાણા ખાતે SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત વિયેતનામમાં વિવિધ ઉદ્યોગોમાં તેમજ એક્ષ્પોર્ટ માટે રહેલી તકો વિષે જાણકારી મેળવવાના હેતુથી ઈન્ટરેક્ટીવ મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિયેતનામના મુંબઈ સ્થિત કોન્સુલ જનરલ બિન્ગ કવોન્ગ લી અને વિયેતનામ ઈન્ટરનેશનલ આંત્રપ્રિન્યોર્સ નેટવર્કીંગ કલબના પ્રમુખ દિન્હ વિન્હ કુઓન્ગ ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ મિશન ૮૪ પ્રોજેક્ટ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી અને ભારતની અર્થ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આ પ્રોજેક્ટની જરૂરિયાત અને તેના મહત્વ વિષે ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત રિજીયન સહિત સમગ્ર ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે ચેમ્બર ઓફ કોમર્સ મિશન ૮૪ પ્રોજેક્ટ અંતર્ગત ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવવા જઈ રહી છે, જેની સાથે ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો અને વિશ્વના જુદા-જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરાશે. એવી રીતે જ ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવામાં આવશે.

અન્ય એક અગત્યની બાબત એ છે કે, મિશન ૮૪ પ્રોજેક્ટ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા એમ્બેસેડર્સને પણ આ પ્લેટફોર્મ પર ઓનબોર્ડ કરી ઉદ્યોગકારોને વ્યાપાર માટે જે તે દેશોમાં રહેલી તકો તથા ત્યાંના કાયદા અને નિયમો વિશે માર્ગદર્શન આપવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. જે અંતર્ગત ભારતમાં કાર્યરત જુદા-જુદા દેશોના કોન્સુલ જનરલો સાથે મિટીંગો થઇ રહી છે, આથી તેમણે વિયેતનામના મુંબઈ સ્થિત કોન્સુલ જનરલ બિન્ગ કવોન્ગ લી અને વિયેતનામ ઈન્ટરનેશનલ આંત્રપ્રિન્યોર્સ નેટવર્કીંગ કલબના પ્રમુખ દિન્હ વિન્હ કુઓન્ગને મિશન ૮૪ પ્રોજેક્ટમાં જોડાવા માટે અનુરોધ કર્યો હતો.

મિશન ૮૪ના પ્રોજેક્ટ હેડ પરેશ ભટ્ટે ઈન્ટરેક્ટીવ મિટીંગનું સંચાલન કર્યું હતું. મિશન ૮૪ પ્રોજેક્ટના કો-ઓર્ડિનેટર સંજય પંજાબીએ મિટીંગની રૂપરેખા આપી હતી. ચેમ્બરના માનદ્‌ખજાનચી કિરણ ઠુમ્મર અને સભ્ય જમન રામોલિયા તથા સુરતના ઉદ્યોગકારો મિટીંગમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના પૂર્વ પ્રમુખ રોહિત મહેતાએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ મિટીંગનું સમાપન થયું હતું.

# MALISHKA
GROUP

## BUSINESS

### GREY FABRIC MANUFACTURER



### YARN TRADING





### POLYMER TRADING


MALISHKA GROUP

6043, Trade House, Ring Road, Surat, Gujarat, India.

+91 98256 55755 sunil@malishkagroups.com



# મિશન ૮૪ પ્રોજેક્ટની સાથે જોડાનારને બિઝનેસ હેતુ માત્ર ભારત પૂરતો જ નહીં પણ વૈશ્વિક સ્તરે લાભ થશે : વિયેતનામના કોન્સુલ જનરલ બિન્ગ કવોન્ગ લી

વિયેતનામના કોન્સુલ જનરલ બિન્ગ કવોન્ગ લીએ જણાવ્યું હતું કે, ભારત એ વિયેતનામ માટે સૌથી વધારે વિશ્વાસુ વ્યાપારિક ભાગીદાર છે. ભારતથી ઈન્ડસ્ટ્રીયલ મશીનરી, ફાર્માસ્યુટિકલ, મેટલ્સ, મિનરલ્સ અને એગ્રીકલ્ચર પ્રોડકટનું વિયેતનામ આયાત કરે છે. જ્યારે ભારતને ટેકનોલોજી ક્ષેત્રે મોબાઈલ હેન્ડસેટ વિગેરે એક્ષ્પોર્ટ કરે છે. તેમણે વિયેતનામના છેલ્લા ચારથી પાંચ વર્ષોની ઈમ્પોર્ટ-એક્ષ્પોર્ટની આંકડાકીય માહિતી આપી આખો ચિતાર રજૂ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, ભારતનો જે રીતે વિકાસ થઇ રહયો છે તેને જોતા તેમણે આગામી વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારત, ૫ ટ્રિલિયન યુએસ ડોલરની ઈકોનોમી બની જશે એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. તેમણે કહયું હતું કે, વિયેતનામ એ યુવા ઉદ્યોગ સાહસિકોનો દેશ છે અને ભારતમાં પણ સૌથી વધુ યુવાઓ છે.

તદુપરાંત ભારતની યુવા પેઢી બિઝનેસમાં ઝંપલાવી રહી છે અને વિવિધ ઉદ્યોગોમાં નવું સાહસ કરી રહી છે ત્યારે ભારત અને વિયેતનામ બંને પક્ષે સારી રીતે વ્યાપારિક સમન્વય સાધી શકે છે.

વિયેતનામ સ્ટ્રેટેજીક લોકેશનને કારણે ભારતની સાથે લોજીસ્ટીક પાર્ટનર તરીકે કામ કરી શકે છે. હવે ભારતથી દરરોજ ફલાઈટમાં બિઝનેસમેનો તેમજ ટુરીસ્ટો વિયેતનામ આવે છે. હાલમાં ભારતીયો માટે વિયેતનામ એક ટુરીસ્ટ અને મેરેજ ડેસ્ટીનેશન બની ગયું છે. વિયેતનામમાં એક મેરેજ ડેસ્ટીનેશન એવું છે કે જ્યાં જવા માટે ભારતીયોને વિઝા લેવાની જરૂરિયાત રહેતી નથી, આથી તેમણે સુરતથી વિયેતનામ માટે સીધી ફલાઈટ મળી શકે તે માટે ચેમ્બર ઓફ કોમર્સને પ્રયાસ કરવા અનુરોધ કર્યો હતો.

વિયેતનામના કોન્સુલ જનરલે ચેમ્બર ઓફ કોમર્સના મિશન ૮૪ પ્રોજેકટ વિષે જણાવ્યું હતું કે, આ પ્રોજેકટ આઉટ ઓફ ધી બોકસ છે. આ પ્રોજેકટની સાથે જે ઉદ્યોગકારો અને વ્યાપારીઓ જોડાશે તેઓને બિઝનેસમાં માત્ર ભારત પૂરતો જ નહીં પણ વૈશ્વિક સ્તરે લાભ થશે.

તેમણે મિશન ૮૪ પ્રોજેકટની સાથે જોડાવા માટેના ચેમ્બર પ્રમુખના અનુરોધને સહર્ષ સ્વીકાર્યું હતું અને ચેમ્બર ઓફ કોમર્સના નેતૃત્વમાં સુરતના ઉદ્યોગકારોના ડેલીગેશનને વિયેતનામ આવવા આમંત્રણ આપ્યું હતું.



# મિશન ૮૪ પ્રોજેક્ટ અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને વિયેતનામ ઇન્ટરનેશનલ આંત્રપ્રિન્યોર્સ નેટવર્કીંગ કલબ વચ્ચે એમઓયુ થયા




વિયેતનામ ઇન્ટરનેશનલ આંત્રપ્રિન્યોર્સ નેટવર્કીંગ કલબના પ્રમુખ દિન્હ વિન્હ કુઓન્ગે જણાવ્યું હતું કે, તેમની કલબની સાથે ૭ હજારથી વધુ ઉદ્યોગકારો જોડાયેલા છે, જે અન્ય દેશોની સાથે વ્યાપારિક સંબંધો ધરાવે છે. આ તમામ ઉદ્યોગકારોને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ૧૧ હજારથી વધુ સભ્યો (ઉદ્યોગકારો) સાથે વ્યાપાર - ઉદ્યોગના હેતુથી જોડી શકાશે. એકબીજાને વિવિધ પ્રોડક્ટની આપ-લે થઇ શકે તે માટે સુરતના ઉદ્યોગકારો અને વિયેતનામના બિઝનેસમેનો વચ્ચે ઇન્ટરેકટીવ મિટીંગ ગોઠવવામાં આવશે. એના માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને વિયેતનામ ઇન્ટરનેશનલ આંત્રપ્રિન્યોર્સ નેટવર્કીંગ કલબ વચ્ચે એમઓયુ કરાયું હતું. જેની ઉપર બંને સંસ્થાના પ્રમુખોએ હસ્તાક્ષર કર્યા હતા.






# મિશન ૮૪ પ્રોજેક્ટ અંતર્ગત ચેમ્બર ઓફ કોમર્સ અને રાષ્ટ્રીય કક્ષાના ઇન્ડિયા એસએમઇ ફોરમ વચ્ચે એમઓયુ થયા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને રાષ્ટ્રીય કક્ષાના ઈન્ડિયા એસએમઈ ફોરમ વચ્ચે મંગળવાર, તા.૧૦ ઓકટોબર, ૨૦૨૩ના રોજ સંહતિ, સરસાણા ખાતે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત સમજૂતી કરાર કરવામાં આવ્યો હતો. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયા અને ઈન્ડિયા એસએમઈ ફોરમના ગુજરાત ચેપ્ટરના પ્રમુખ નિલેશ શુકલએ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે મિશન ૮૪ના પ્રોજેકટ હેડ પરેશ ભટ્ટ અને કો-ઓર્ડિનેટર સંજય પંજાબી હાજર રહયા હતા.

થોડા દિવસ પહેલાં જ ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાએ વડોદરા ખાતે ઈન્ડિયા એસએમઈ ફોરમના ગુજરાત ચેપ્ટરના પ્રમુખ નિલેશ શુકલ તથા અન્ય પ્રતિનિધિઓની મુલાકાત લીધી હતી અને તેઓની સમક્ષ મિશન ૮૪ પ્રોજેકટ રજૂ કરી તેઓને આ પ્રોજેકટમાં જોડાવા અનુરોધ કર્યો હતો. જેના ભાગ રૂપે ઈન્ડિયા એસએમઈ ફોરમના પ્રતિનિધિઓએ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી- સુરત ખાતે આવીને મિશન ૮૪ પ્રોજેકટમાં જોડાઈને એમઓયુ કર્યા હતા.

આ સમજૂતી કરાર મુજબ સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને દેશના અન્ય ઉદ્યોગકારોને એક પ્લેટફોર્મ પર લાવવામાં આવશે અને તેઓ એકબીજાને પ્રોકડટની લે - વેચ કરી શકે તે માટે તેઓની વચ્ચે પરસ્પર ઔદ્યોગિક અને વ્યાપારિક સંબંધો વિકસાવવામાં આવશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ ઈન્ડિયા એસએમઈ ફોરમના પ્રતિનિધિઓને SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ પ્રોજેકટ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી અને ભારતની અર્થ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે આ પ્રોજેકટની જરૂરિયાત અને તેના મહત્વ વિષે સમજણ આપી હતી. આ પ્રોજેકટ અંતર્ગત  ગુજરાત રિજીયન સહિત સમગ્ર ભારતમાંથી એક્ષ્પોર્ટને વધારવા માટે ચેમ્બર ઓફ કોમર્સ મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત જે ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવવા જઈ રહી છે તેના વિશે પણ તેમણે વિસ્તૃત જાણકારી તેઓને આપી હતી.

ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો અને વિશ્વના જુદા-જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવાની બાબત પણ સમજાવી હતી. એવી રીતે ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા વિશે જાણકારી આપી હતી.

મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા એમ્બેસેડર્સને પણ આ પ્લેટફોર્મ પર ઓનબોર્ડ કરી ઉદ્યોગકારોને વ્યાપાર માટે જે તે દેશોમાં રહેલી તકો તથા ત્યાંના કાયદા અને નિયમો વિશે માર્ગદર્શન આપવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. જે અંતર્ગત ભારતમાં કાર્યરત જુદા-જુદા દેશોના કોન્સુલ જનરલો સાથે થઈ રહેલી મિટીંગોથી પણ ચેમ્બર પ્રમુખે ઈન્ડિયા એસએમઈ ફોરમના પ્રતિનિધીઓને વાકેફ કર્યા હતા.

ઈન્ડિયા એસએમઈ ફોરમના ગુજરાત ચેપ્ટરના પ્રમુખ નિલેશ શુકલએ ચેમ્બર પ્રમુખને જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય કક્ષાના આ ફોરમના દેશભરના તમામ ઉદ્યોગકાર સભ્યોને મિશન ૮૪ પ્રોજેકટની સાથે જોડીશું અને ઉદ્યોગકારોને તેનો મહત્તમ લાભ મળે તે માટે પ્રયાસ કરીશું.










**सो साल की उम्र के लीये सो साल जीना जरूरी नहीं जीवन में ऐसा कार्य करके जाये कि सौ साल के बाद भी लोग आपको याद करे**





MD'S LANDMARK

*Landmark Corporation*

*A Real Landmark & Wonder of Surat*

**Introduction of Best Textile Houses 1st Time in Surat, Gujarat.**
















## SGCCI અને ANMIના સંયુક્ત ઉપક્રમે 'વેલ્થ ક્રિએશન મંત્રા'વિશે કાર્યક્રમ યોજાયો

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને એસોસીએશન ઓફ નેશનલ એક્ષચેન્જીસ મેમ્બર્સ ઓફ ઇન્ડિયા દ્વારા સંયુક્તપણે ગુરૂવાર, તા. ૧૨ ઓકટોબર, ૨૦૨૩ના રોજ સાંજે ૫:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, એસઆઇઇસીસી કેમ્પસ, સરસાણા, સુરત ખાતે 'વેલ્થ ક્રિએશન મંત્રા'વિષય પર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાંત સિંગાપોરની હેલિઓસ કેપિટલના ફાઉન્ડર સમીર અરોરાએ શેરબજારના રોકાણકારોને મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, સંપત્તિ સર્જન એ કલા અને વિજ્ઞાન બંને છે, આથી રોકાણના વિવિધ માર્ગો વિશે વ્યક્તિએ સારી રીતે માહિતગાર રહેવું જોઈએ. આપણે કીમતિ ધાતુ જેવા કે સોના-ચાંદીમાં તેમજ જમીન અને સ્થાવર મિલકતોમાં રોકાણનો ઈતિહાસ ધરાવીએ છીએ, પરંતુ સમયાંતરે રોકાણના પ્રકાર બદલાતા ગયા છે. હવે લોકો પાસે રૂપિયા હોય તો તેઓ રિયલ એસ્ટેટમાં રોકાણ કરતા હોય છે અને છેલ્લાં એક દાયકામાં, રિયલ એસ્ટેટ રોકાણમાંથી મહત્તમ વળતર મળ્યું છે.

તે જ સમયે, જો આપણે ૧૯૮૪માં સેન્સેકસના વળતરની તુલના કરીએ તો બીએસઈ સેન્સેકસ માત્ર ૩૫૪ હતો, જે આજે ૬૬૦૦૦ પોઈન્ટ પર પહોંચી ગયો છે. એટલે કે ૧૯૮૪માં સ્ટોકસમાં રોકાણ કરાયેલા રૂપિયા ૧ લાખનું બજાર મૂલ્ય રૂપિયા ૧.૮૬ કરોડ થઇ ગયું છે, ત્યારે શેરબજારમાં કઇ કંપનીમાં તથા કયા સ્ટોકસમાં રોકાણ કરવું જોઇએ તેના માટે નિષ્ણાંતની સલાહ લેવી પણ જરૂરી બને છે, આથી આજના કાર્યક્રમમાં શેરબજારના નિષ્ણાંત સમીર અરોરા રોકાણકારોને આ દિશામાં મહત્વનું માર્ગદર્શન આપશે.

સીએનબીસી ટીવી ૧૮ના એડિટર પ્રશાંત નાયરે કાર્યક્રમને મોડરેટ કરી સમીર અરોરા સાથે સંવાદ કર્યો હતો. સંવાદ દરમ્યાન રોકાણકારો દ્વારા પુછવામાં આવેલા વિવિધ સવાલોના સમીર અરોરાએ જવાબો આપ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. એસોસીએશન ઓફ નેશનલ એક્ષચેન્જીસ મેમ્બર્સ ઓફ ઈન્ડિયાના નોર્થ રિજીયોનના ચેરમેન હેમંત કકકર અને વેસ્ટર્ન રિજીયોનના ચેરમેન મિલન પરીખે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. ચેમ્બરના માનદ્મંત્રી નિખિલ મદ્રાસી, માનદ્ખજાનચી કિરણ ઠુમ્મર, ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઇઝરો હેમંત દેસાઇ અને કેતન દલાલ, સભ્ય નૈનિશ વાડીવાલા તથા ૬૦૦થી વધુ રોકાણકારો કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના ગૃપ ચેરમેન કમલેશ ગજેરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના ચેરમેન અયુબ યાકૂબઅલીએ વકતા સમિર અરોરાનો પરિચય આપ્યો હતો અને કો ચેરમેન દિપેશ પરીખે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમના આયોજન માટે સાઉથ ગુજરાત શેર્સ એન્ડ શેરબ્રોકર્સ લિમિટેડનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

**SUPERB TASTE, TEXTURE, AROMA AND WARM HUES ARE TYPICAL OF TEA LEAVES FROM THE GREAT ESTATES OF ASSAM.**




### OLD HARBOR

OLD HARBOR Teas • Herbs • Infusions *Tea. The World Drink.*

**Loose Leaf Packaged Premium Tea**

Premium Everyday Teas for the Discerning Tea Drinker. Handpicked leaves are skilfully blended to concentrate the natural leaf properties. This Premium OLD HARBOR tea exhibits robust, full-bodied taste with every sip, with or without milk, sugar or honey

### MAPLE HOUSE BLEND

maple house blend EVERYONES CUP OF TEA

**Loose Leaf Packaged Great Value Tea**

MAPLE HOUSE BLEND exhibits bright hue, delicious taste and strong consistency, offering more brewed tea volume from each spoonful than competing teas. This property makes MAPLE HOUSE BLEND particularly suitable for the Hospitality Sector

### FOTHERGILLS

Fothergills® plantation

Bulk Tea, 20 - 25 kg Bulk Packs

Under the FOTHERGILLS brand, KKV procures and ships large volumes of bulk tea to partners abroad


**KKV TEA & COFFEE PVT LTD**
6 Samikaran, Plot No:34/B-TPS V, Sant Janabai Road,
Vile Parle (East), Mumbai, Maharashtra - 400057, India.
Tel: +91 22 35773921 Mob: +91 7021363776

export@oldharbourtea.com
customercare@oldharbourtea.com
www.kkvexport.com
www.oldharbourtea.com




## સ્ટોક જેનો ચાલી રહયો છે તે કંપની કવોલિટી કંપની છે, કંપનીમાં બેથી ત્રણ વર્ષના સ્ટેપમાં લાંબા ગાળા માટે રોકાણ કરવું જોઇએ : સમીર અરોરા

સમીર અરોરાએ જણાવ્યું હતું કે, શેરબજારમાં જે કંપનીનો સ્ટોક ચાલી રહયો છે તે કંપની કવોલિટી કંપની છે. શેરબજારમાં કોઈપણ કંપનીમાં બેથી ત્રણ વર્ષ માટે રોકાણકારોએ રોકાણ કરવું જોઇએ. ત્યારબાદના વર્ષમાં પણ એ કંપની સારું પરફોર્મન્સ કરે અને સારા રિટર્ન આપે તો એ કંપનીમાં ફરીથી બેથી ત્રણ વર્ષ માટે રોકાણ કરી શકાય છે.

તેમણે જણાવ્યું હતું કે, શેરબજારમાં કોઈપણ કંપનીને લોન્ગ ટર્મ વીનર તરીકે ઓળખી જ ન શકાય. કારણ કે, એ કંપનીને પણ ખબર હોતી નથી કે એ લોન્ગ ટર્મ ટકી શકે છે કે નહીં? દસ વર્ષ પછી ૧૦માંથી ૧ અથવા ૨ કંપની જ શેરબજારમાં રહી જાય છે.

એનાથી વધારે કંપનીઓ શેરબજારમાં ટકતી નથી. તેમણે શેરબજારમાં વર્ષ ૧૯૯૦, ૨૦૦૦, ૨૦૧૦ અને ૨૦૨૦માં ટોપ કંપનીઓની યાદી બતાવીને આ બાબતની રોકાણકારોને સમજણ આપી હતી.

સમીર અરોરાએ રોકાણકારોને એકાદ બે કંપનીઓ કરતા વધારે કંપનીઓમાં રોકાણ કરવાની સલાહ આપી હતી, પરંતુ એ કંપનીઓ કઈ હોઈ શકે? તેની કોઈને ખબર હોતી નથી તેમ પણ સ્પષ્ટપણે જણાવ્યું હતું. કોઇ કંપનીની વેલ્યુએશન અને તેનો ઈતિહાસ સારો છે એટલા માટે તેમાં ૨૦ ટકા જેટલું રોકાણ કરી દેવું જોઇએ એવું વિચારનારા રોકાણકારોએ આવું કરવાથી પણ બચવું જોઈએ.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ફાયનાન્શીયલ, કન્ઝયુમર અને ટેક એવા ત્રણ થીમથી લોકો બિલિનિયર બને છે. તેમણે ફંડ મેનેજમેન્ટ વિશે પણ રોકાણકારોને વિસ્તૃત માહિતી આપી હતી.

#Quality at rightprice

Re:fresh

**FOOD PRODUCT**

**PERSONAL CARE**

**POOJA PRODUCTS**

**HOME CARE**

**GIFT SETS**




Single Brand | 25+ Category | 450+ Products

www.refreshyourlife.in

JioMart Flipkart amazon




# ટેક્ષટાઇલ પર્વના બીજા દિવસે ટેક્ષટાઇલ નિષ્ણાંતોએ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપ્યું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના જીએફઆરઆરસી (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા બુધવાર, તા. ૧૧ ઓકટોબર, ૨૦૨૩ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ટેક્ષટાઇલ પર્વના બીજા દિવસે ટેક્ષટાઇલ નિષ્ણાંત શ્રી રિટેઇલ્સ (દિલ્હી)ના સંદીપ કપૂર, મધુસુદન વિઝના ડિરેકટર દીપક મુંદડા અને લુથરા ગૃપના ચેરમેન ગિરિશ લુથરાએ ટેક્ષટાઇલ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરતે હવે સીધું  એક્ષ્પોર્ટ કરવા માટેની તૈયારી દર્શાવી છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હાથ ધરાયેલા મિશન ૮૪ પ્રોજેકટ અંતર્ગત જે કોઈપણ ઉદ્યોગકારને એક્ષ્પોર્ટ કરવું હોય તેની સંપૂર્ણ મદદ કરવા માટે ચેમ્બર સિસ્ટમ વિકસાવી રહી છે. તેમણે કહયું કે, પીએમ મિત્રા પાર્ક સુરતમાં આવી રહયું છે અને તેના કારણે સુરતની ટેક્ષટાઇલ ઈન્ડસ્ટ્રી માટે ડાયવર્સિફિકેશન આવવાની સંભાવના છે. સરકાર દ્વારા મલ્ટીનેશનલ કંપનીઓને પણ પીએમ મિત્રા પાર્કમાં જગ્યા ફાળવવાની વાત થઈ છે અને તેઓની સાથે કોલાબોરેશનની પણ સંભાવના છે. ગ્રે કાપડ તો સુરતમાં વૈશ્વિક સ્તરનું બને જ છે પણ હવે પછી વૈશ્વિક માર્કેટમાં ટકવું હોય તો ફિનિશ્ડ કાપડ પણ વૈશ્વિક કક્ષાનું બનાવવું પડશે.

## ભવિષ્યમાં ફેશન માટે કયા પ્રકારના કાપડની માંગ રહે છે તેના વિષે સુરતની ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીએ રિસર્ચ કરવાની જરૂર છે : સંદીપ કપૂર




શ્રી રિટેઈલ્સ (દિલ્હી)ના સંદીપ કપૂરે જણાવ્યું હતું કે, સ્માર્ટ વર્ક અને સ્કીલ્સથી સુરતના ફેબ્રિકને બ્રાન્ડ બનાવવાનું શકય થશે. ભારતમાં જે રીતે બિઝનેસનું ડેવલપમેન્ટ થઇ રહયું છે તેને જોતા સમગ્ર વિશ્વની નજર ભારત ઉપર છે, આથી ભારતના ઉદ્યોગકારો અને ખાસ કરીને સુરતના ઉદ્યોગકારો માટે અમૂલ્ય તક છે. કારણ કે, સુરતમાં ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીની આખી સપ્લાય ચેઈન ઉપલબ્ધ છે. સુરતમાં યાર્નમાંથી કાપડ બને છે, સુરતમાં કાપડનું પ્રોસેસિંગ પણ થાય છે અને તેમાંથી ગારમેન્ટ પણ બને છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હવે ફેશન માટે ભવિષ્યમાં કયા પ્રકારના કાપડની માંગ રહે છે તેના વિષે સુરતની ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીએ રિસર્ચ અને પ્રિ-પ્લાનીંગ કરવાની જરૂર છે. ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારોએ કાપડમાં મોટી બ્રાન્ડ, ફેશન ડિઝાઈનર અને વિશ્વના બીજા દેશોમાં કાપડમાં ચાલી રહેલા ટ્રેન્ડ વિષે માહિતી મેળવવી પડશે. તેમણે કહયું કે, સુરતના ફેબ્રિકની ભારતની સાથે સાથે વિશ્વમાં પણ એક અલગ ઓળખ છે. સુરતમાં બનતું કપડું માત્ર કાપડ જ નહીં પણ તેની સાથે ભાવનાઓ જોડાયેલી હોય છે, જે કાપડ વેપારીઓની સાથે સાથે ગ્રાહકોને પણ આકર્ષિત કરે છે અને પ્રેમાળ લાગણી અનુભવે છે.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરતે હવે સીધું  એક્ષ્પોર્ટ કરવા માટેની તૈયારી દર્શાવી છે.

## સુરત પાસે સુવર્ણ તક છે કે વર્ષ ૨૦૨૭ સુધીમાં ૭ લાખ કરોડ મીટર કાપડ બનાવી તેનું એક્ષ્પોર્ટ વધારી શકાય : દીપક મુંદડા



મધુસૂદન વિઝના ડાયરેકટર દીપક મુંદડાએ જણાવ્યું હતું કે, સુરત પાસે સુવર્ણ તક છે કે તેઓ વર્ષ ૨૦૨૭ સુધીમાં ૭ લાખ કરોડ મીટર કાપડ બનાવી તેનું એક્ષ્પોર્ટ વધારી શકે. સુરત, ટેક્ષ્ટાઈલ ક્ષેત્રમાં જીઓ ટેક્ષ્ટાઈલ, ડિફેન્સના ફેબ્રિકસ, કન્સ્ટ્રકશનના ટેક્ષ્ટાઈલ, સ્પોટર્સ ટેક્ષ્ટાઈલ માટે કાપડનું પણ ઉત્પાદન કરી શકે છે. હાલમાં કાપડનું ઉત્પાદન વિવિધ સેગમેન્ટમાં નવી ટેકનોલોજી સાથે સરળ રીતે કરી શકાય છે. કોવિડ અને લોકડાઉનના સમયમાં લોકોને આરામદાયક કપડાઓ પહેરવાની આદત થઈ ગઈ છે, જેના કારણે સ્ટ્રેચ અને લાઈક્રાના કાપડની માંગમાં વધારો થયો છે.

## સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોએ ગ્લોબલી માર્કેટમાં પહોંચવા માટે કંઇક યુનિક કરવું પડશે : ગિરિશ લુથરા



લુથરા ગૃપના ચેરમેન ગિરીશ લુથરાએ જણાવ્યું હતું કે, સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારોએ ગ્લોબલી માર્કેટમાં પહોંચવા માટે કંઈક યુનિક કરવું પડશે. ઉદ્યોગકારોએ હવે નવું ફેબ્રિક ડેવલપ કરી તેમાં પણ નવી નવી ડિઝાઈનો બનાવવી પડશે.

ચેમ્બર ઓફ કોમર્સના જીએફઆરઆરસીના ચેરમેન ગિરધરગોપાલ મુંદડાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. જીએફઆરઆરસીના સભ્ય પરિમલ વખારિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના પૂર્વ પ્રમુખ ભરત ગાંધી, પ્રફુલ્લ શાહ અને મહેન્દ્ર કાજીવાલા તથા ગૃપ ચેરમેનો મૃણાલ શુકલ અને નવિન પટેલ તથા ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારો કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારોના વિવિધ સવાલોના ત્રણેય વકતાઓએ સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.




## ચેમ્બર અને બાગાયત વિભાગ સુરત દ્વારા પાલ - ભાઠા સ્થિત ગ્રીન સિટીના રહીશોને 'કિચન ગાર્ડન'ની તાલીમ અપાઇ

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા નાયબ બાગાયત નિયામક સુરતની કચેરીના સંયુક્ત ઉપક્રમે બુધવાર, તા. ૧૧ ઓકટોબર, ૨૦૨૩ના રોજ બપોરે ૩ઃ૦૦ કલાકે પાલ - ભાઠા ખાતે આવેલા ગ્રીન સિટી (ક્લબ હાઉસ) ખાતે 'કિચન ગાર્ડન'ની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગ્રીન સિટી એપાર્ટમેન્ટની ગૃહિણીઓ તથા રહીશોને કિચન ગાર્ડનની તાલીમ આપવામાં આવી હતી.

નાયબ બાગાયત નિયામક ડી.કે. પડાલિયાએ જણાવ્યું હતું કે, બજારમાં મળતાં શાકભાજી અને ફળોમાં રાસાયણિક ખાતરોનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી શરીરને યોગ્ય પ્રમાણમાં વિટામીન મળતા નથી. આવી સ્થિતિમાં શહેરીજનો પોતાનો થોડો સમય ફાળવી ઘરના આંગણે, બાલ્કનીમાં, છત ઉપર પ્રાકૃતિક ખેતી કરીને યોગ્ય આહારથી વિટામીન, ફાઈબર મેળવી પોતાનું સ્વાસ્થ્ય જાળવી શકે છે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક ભક્તિ પંચાલે જણાવ્યું હતું કે, ગાર્ડનીંગ જુદા-જુદા પ્રકારે કરી શકાય છે. વર્ટીકલ ગાર્ડનીંગ, મેરીગોલ્ડ, રો ગાર્ડનીંગ, હેન્ગિંગ, કન્ટેનર, હાઈડ્રોપોનિક્સથી ગાર્ડનીંગ કરવામાં આવે છે. શહેરીજનો પોતાની આજુબાજુની ખુલ્લી જમીન, છત કે બાલ્કનીમાં ફળ અને શાકભાજીની ખેતી કરી શકે છે. અગાસી પર કુંડા, ગ્રો બેગ, લાકડાના બોકસ, કાયમી કુંડીઓ બનાવીને તેમાં શાકભાજી ઉગાડી શકે છે. તેમણે મહિલાઓ સાથે કિચન ગાર્ડન અંગે સંવાદ કરીને ગૃહિણીઓના સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના ગૃપ ચેરમેનો ધર્મેશ વાણિયાવાલા અને કમલેશ ગજેરા તથા ગ્રીન સિટી એપાર્ટમેન્ટના ૭૦થી વધુ ગૃહિણીઓ તેમજ રહીશો કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની એગ્રીકલ્ચર કમિટીના ચેરમેન કે.બી. પીપલીયાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

બાગાયત અધિકારી અંકુર પટેલે તાલીમ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને સર્વેનો આભાર માન્યો હતો. ગ્રીન સિટી પરિવાર તરફથી સ્વપ્ના ભટ્ટનો સહયોગ મળ્યો હતો. કાર્યક્રમના અંતે તમામ તાલીમાર્થીઓને બિયારણ કીટ, કુંડા, ફુલોની ગાંઠ જેવી ગાર્ડન માટે ઉપયોગી સામગ્રી આપી સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

# Shakti Distilleries Pvt. Ltd.

A part of Shakti Group Companies

SHAKTI

## CLEAN AND GREEN IS OUR DREAM

## Products

ETHANOL (ALL GRADES)

ETHANOL BASED RETARDER

SODIUM METHOXIDE POWDER

SODIUM METHOXIDE SOLUTION

## Industries we cater

PHARMA AND INTERMIDIATES

COATINGS AND PAINT INDUSTRY

BIO DIESEL MANUFACTURERS

FACTORY : 8201/7, SACHIN GIDC, SURAT, GUJARAT.

CONTACT INFO: +91 760085822 EMAIL: info@shaktigroupcompanies.com



# ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા "બ્રેસ્ટ કેન્સર" વિશે અવેરનેસ સેશન યોજાયું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા શુક્રવાર, તા. ૧૩ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ સાંજે ૪:૩૦ કલાકે પિપલોદ સ્થિત વામા વેલનેસ સેન્ટર ફોર વુમન ખાતે બિઝનેસ પ્રેઝન્ટેશન મિટીંગની સાથે 'બ્રેસ્ટ કેન્સર'પર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત ડો. રૂપલ શાહે મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સરના કેસોમાં થયેલા ચિંતાજનક વધારા વિશે ચર્ચા કરી મહિલાઓને તેનાથી બચવા માટે ઉપાયો સૂચવ્યા હતા.

ડો. રૂપલ શાહે જણાવ્યું હતું કે, ભારતમાં પ્રતિ ત્રણ મિનિટે એક મહિલાને બ્રેસ્ટ કેન્સર થઈ રહયો છે. ગુજરાતમાં પણ મહિલા બ્રેસ્ટ કેન્સરના કેસ ચિંતાજનક રીતે વધી રહયા છે ત્યારે મહિલાઓએ કેટલીક તકેદારી રાખવી જરૂરી છે. આ કેન્સર સામેની જંગ તાકીદે નિદાન થતાં જીતી શકાય છે.

તેમણે જણાવ્યું હતું કે, મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સરના કેસો સતત વધી રહયા છે. સમગ્ર વિશ્વમાં ઓક્ટોબર મહિનાને 'બ્રેસ્ટ કેન્સર અવેરનેસ મંથ' તરીકે ઉજવવામાં આવે છે ત્યારે જરૂર છે કે મહિલાઓએ બ્રેસ્ટ કેન્સર અંગે વધુ જાગૃત થવું જોઈએ. મહિલાઓએ માત્ર બ્રેસ્ટ જ નહીં પણ શરીરના કોઈ પણ ભાગમાં છ મહિના કરતાં વધુ સમયથી ગાંઠ હોય તો ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ.

તેમણે મહિલાઓને બ્રેસ્ટ કેન્સર છે કે નહીં તેના સ્વચકાસણી માટેના કેટલાક ઉપાયો આપ્યાં હતા. પ્રત્યેક મહિલાએ પીરિયડ્સના પાંચમાં દિવસે બ્રેસ્ટની આસપાસ ગાંઠ જેવું છે કે પછી ચામડીનો ભાગ ખરબચડો છે તેની સ્વચકાસણી કરી લેવી. સાથે જો કોઈ મહિલાને પીરિયડ્સ નહીં આવતાં હોય તો તેમને મહિનાના કોઈ પણ એક દિવસ ડોક્ટર પાસે જઈને ચેકઅપ કરાવી લેવું હિતાવહ છે.

વુમન આંત્રપ્રિન્યોર સેલની બિઝનેસ પ્રેઝન્ટેશન મિટીંગમાં ડો. અમી યાજ્ઞિક, ડો. સોનિયા ચંદાની, ડો. પારૂલ પટેલ, ડો. રૂચા કાપસે, ડો. રિચા વઘાસિયા, ડો. જયાલક્ષ્મી ચોરાવાલા અને જ્યોત્સના ગુજરાતી તથા અન્ય મહિલા સભ્યોએ બિઝનેસ પ્રેજન્ટેશન કર્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના વુમન આંત્રપ્રિન્યોર સેલના ચેરપર્સન કૃતિકા શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. એડવાઈઝર સ્વાતિ શેઠવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સભ્ય મન્શાલીએ ડોક્ટરોનો પરિચય આપ્યો હતો. સભ્ય અંકિતા વાળંદે સર્વેનો આભાર માની સેશનનું સમાપન કર્યું હતું.

HALE'SAGA™ NUTRITION
BY SIHORA GROUP

HALESAGA NUTRITION HALESAGA




## VEGAN PLANT PROTEIN

- Boosts stamina
- Lean muscles
- Better recovery
- Controls weight

## HALESAGA OMEGA3

IMPROVES BONE HEALTH •
SUPPORT HEART HEALTH •
SUPPORT EYE HEALTH •
BENEFICIAL FOR MENTAL HEALTH •
IMPROVE SKIN HEALTH •







## APPLE CIDER VINEGAR

- REDUCE BELLY FAT
- IMPROVE DIGESTION
- BOOSTS METABOLISM
- STABILIZE BLOOD SUGAR LEVEL
- ENHANCES SKIN HELTH

WEBSITE: WWW.HALESAGA.COM



# ટેક્ષ્ટાઇલ પર્વના ત્રીજા દિવસે ટેક્ષ્ટાઇલ અગ્રણીઓએ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપ્યું

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના જીએફઆરઆરસી (ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર) દ્વારા શુક્રવાર, તા. ૧૩ ઓકટોબર, ૨૦૨૩ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ટેક્ષ્ટાઇલ પર્વના ત્રીજા દિવસે ટેક્ષ્ટાઇલ અગ્રણી ગંગા ફેશન્સ પ્રા.લિ.ના ડાયરેક્ટર સંજય ગંગવાની, નિમ્બાર્ક ફેશન્સ લિમિટેડના એક્ઝીક્યુટીવ ડિરેક્ટર મહેશ મહેશ્વરી અને ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ તેમજ પાંડેસરા વિવર્સ કો-ઓપરેટીવ સોસાયટી લિમિટેડના પ્રમુખ આશીષ ગુજરાતીએ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરત એ ભારતમાં સૌથી મોટું ટેક્ષ્ટાઇલ હબ છે અને સુરતમાં બનતાં કાપડમાંથી ૯૦ ટકા કાપડ એમએમએફનું હોય છે. હાલમાં સમગ્ર ભારતમાં વાર્ષિક ૭૬૨૯ કરોડ સ્કવેર મીટર કાપડ બને છે. જેમાંથી વાર્ષિક ૧૮૦૦ કરોડ સ્કવેર મીટર કાપડ સુરત બનાવે છે, જે સુરતીઓ માટે ગર્વની વાત છે. સરકાર દ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા ટૂંક સમયમાં જ સુરતમાં પીએમ મિત્રા પાર્કનો પ્રારંભ થવાનો છે ત્યારે પીએમ મિત્રા પાર્ક થકી આપણે સ્થાયી કાપડ ઉદ્યોગને લાર્જ સ્કેલ બનાવીશું અને વૈશ્વિક કાપડ બજારમાં ભારતને ઉચ્ચ સ્થાન અપાવીશું.

ભારતમાં ગત એક દશકમાં વસ્તી વૃદ્ધિની સાથે કાપડના કન્ઝમ્પ્શનમાં પણ વધારો થયો છે. ભારત સરકારના ઈકોનોમિક સર્વેના ડેટા મુજબ, ભારતમાં હાલ ૪૮.૧ સ્કવેર મીટર માથાદીઠ કુલ કાપડનું કન્ઝમ્પ્શન છે. જેમાં કોટનનો હિસ્સો ૨૫.૮ સ્કવેર મીટર તથા એમએમએફ ફાઈબરમાંથી બનતા કાપડનો હિસ્સો ૨૨.૩ સ્કવેર મીટર છે. વર્ષ ૨૦૧૨-૧૩માં ભારતની વસ્તી આશરે ૧૨૨ કરોડ હતી, ત્યારે ભારતમાં માથાદીઠ ૩૮ સ્કવેર મીટર કાપડનું કન્ઝમ્પ્શન હતું. જેમાં ૧૪૪ કરોડની વસ્તીએ આશરે ૧૦ ટકાનો વધારો થઈને હાલ ૪૮.૧ સ્કવેર મીટર કાપડનું કન્ઝમ્પ્શન થયું છે તે જોતાં ભારત વિકસિત દેશ બનવાની દિશામાં હરણફાળ ભરી રહયો છે, ત્યારે ટેક્ષ્ટાઇલ ક્ષેત્રની સાઈઝમાં બેથી ત્રણ ગણા વધારો થવાની સંભાવના છે.

## ટેકનોલોજીથી માત્ર કાર્ય તેમજ ઉત્પાદન ઝડપી થઈ શકે  છે પણ ક્રિએટીવિટી થકી બિઝનેસને નવી ઊંચાઈ સુધી લઇ જઇ શકાય છે : સંજય ગંગવાની



સંજય ગંગવાનીએ જણાવ્યું હતું કે, સૌથી પહેલા ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારોએ મજબૂત બનવાની જરૂર છે. ટેકનોલોજી તો ખરીદી શકાય છે પણ ક્રિએટીવિટી પોતાનામાં લાવવી પડશે. ટેકનોલોજીથી માત્ર કાર્ય તેમજ ઉત્પાદન ઝડપી થઈ શકે  છે પણ ક્રિએટીવિટી થકી બિઝનેસને નવી ઊંચાઈ સુધી લઈ જઈ શકાય છે. દેશમાં કાપડની રહેલી માંગને પૂર્ણ કરવા માટે ઉદ્યોગકારોને ઘણી તકો છે. માત્ર એમએમએફ કાપડ જ નહીં નવું કાપડ બનાવવાની જરૂર છે. ગ્રાહકની માંગ મુજબ કાપડ બનાવીશું તો વહેલી તકે સફળતા મળશે. પ્રોડકટમાં ગુણવત્તા જ બિઝનેસ માટે મહત્વની હોય છે.

## માર્કેટનો ટ્રેન્ડ હવે ગુડ ફીલિંગની સુવિધા તરફ વધુ જઈ રહયો છે, લોકો ફેબ્રિકમાં પણ બોડી કેર પ્રત્યે વધુ ધ્યાન આપી રહયા છે : મહેશ મહેશ્વરી



મહેશ મહેશ્વરીએ જણાવ્યું હતું કે, કાપડમાં સ્પન યાર્નનો ઉપયોગ વધ્યો છે. હાલમાં સુરતમાં ર૦થી રપ ટકા સ્પન યાર્ન, કોટન, નેચરલ ફેબ્રિક યાર્નનો ઉપયોગ વર્ષ ર૦ર૭ સુધીમાં ૪૦ ટકા થઈ જશે. માર્કેટનો ટ્રેન્ડ હવે દેખાવ કરતા ગુડ ફીલિંગની સુવિધા તરફ વધુ જઈ રહયો છે. લોકો ફેબ્રિકમાં પણ બોડી કેર પ્રત્યે વધુ ધ્યાન આપી રહયા છે. જેના લીધે નેચરલ ફેબ્રિકસનું ચલણ વધતું જાય છે. વિસ્કોસ, મોડાલ, ટેનસિલ, બેનબર્ક આ પ્રકારના યાર્નની માંગ છે.

તેમણે જણાવ્યું હતું કે, ઈચ્છલકરંજીના કોટનની માંગ સતત વધી રહી છે. તમે ગ્રાહકને શું આપી રહયા છો અને શું આપવું જોઈએ તે અંગે વિચારવાની જરૂર છે. હાલમાં ગ્રાહકોના વિચારોમાં બદલાવ આવી રહયા છે ત્યારે આપણે ઉત્પાદનમાં પણ ફેરફાર લાવવો પડશે. સુરતનું માર્કેટ ફેશન પર આધારિત છે. લોકો સારા કપડા માટે વધુ પૈસા ખર્ચ કરવા તૈયાર થઈ રહયા છે ત્યારે ઉદ્યોગકારોએ સારું અને નવું કાપડ બનાવવું જોઈએ.

## આગામી પ વર્ષમાં સુરતના ટેક્ષ્ટાઇલનું ડોમેસ્ટીક અને એક્ષ્પોર્ટનું ટર્નઓવર રૂ.૧.રપ લાખ કરોડ સુધી પહોંચવાની સંભાવના છે, સુરતમાં ગારમેન્ટ બનાવવાના પ્રયાસો થકી જ ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારો આ લક્ષ્યાંક પૂર્ણ કરી શકશે : આશીષ ગુજરાતી




આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઈલનું ડોમેસ્ટિક અને એક્ષ્પોર્ટનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૯ લાખ કરોડ છે અને તેમાં માત્ર સુરતનું જ રૂપિયા ૮૦ હજાર કરોડ છે. આગામી પાંચ વર્ષમાં સરકારે અંદાજો લગાવ્યો છે કે, રૂપિયા ૯ લાખ કરોડનું ટર્નઓવર રૂપિયા ૧૮ લાખ કરોડમાં ફેરવાઈ શકે છે ત્યારે સુરતનું ટર્નઓવર રૂપિયા ૧ લાખ રપ હજાર કરોડ સુધી પહોંચવાની સંભાવના છે. સુરતમાં ગારમેન્ટ બનાવવાના પ્રયાસો થકી ટૂંક સમયમાં જ ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારો આ લક્ષ્યાંક પૂર્ણ કરી શકશે. હાલમાં પોલિએસ્ટર યાર્નના કોર્સમાં હોમ ટેક્ષ્ટાઈલ અને હાઈ એન્ડ ટાફેટા ફેબ્રિક કોર્સની ડિમાન્ડ વધુ છે. સુરતીઓ ટેકનિકલ વસ્તુઓને વહેલી તકે સ્વીકારી લે છે.

ચેમ્બર ઓફ કોમર્સના જીએફઆરઆરસીના ચેરમેન ગિરધરગોપાલ મુંદડાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જીએફઆરઆરસીના સભ્ય પરિમલ વખારિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના પૂર્વ પ્રમુખ મહેન્દ્ર કાજીવાલા તથા ટેક્ષ્ટાઈલ ઉદ્યોગકારો કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. ત્રણેય વકતાઓએ ઉદ્યોગકારોના વિવિધ સવાલોના જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.













# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'રંગોળી સ્પર્ધા' યોજાઇ, રામ-સીતાની પાણી પર બનાવેલી રંગોળી આકર્ષણનું કેન્દ્ર બની તો ભૂખમરો અને વર્લ્ડ વોરની રંગોળીએ સૌને ભાવુક બનાવ્યા

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૩૧ ઓકટોબર, ૨૦૨૩ના રોજ બપોરે ૧: ૦૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સ્પર્ધકોએ વિવિધ રંગોનો ઉપયોગ કરીને પોતાની કલા થકી મંત્રમુગ્ધ કરતી રંગોળીઓ બનાવી હતી. આ રંગોળીઓનું પ્રદર્શન શહેરીજનો માટે તા. ૩૧ ઓકટોબરથી ૨ નવેમ્બર સુધી બપોરે ૩:૦૦થી રાત્રિના ૯:૦૦ કલાક દરમિયાન ખૂલ્લું રાખવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા ચેમ્બરના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, 'વિશ્વમાં અનેક દેશો પોતાની કલા અને સંસ્કૃતિથી ઓળખાય છે. ભારત પણ એવો જ એક દેશ છે, જે પોતાની અનોખી કલા અને સંસ્કૃતિથી ઓળખાય છે, જેનો દરેક ભારતીયને ગર્વ છે. કલા દરેકમાં હોય જ છે. માત્ર તે ભિન્ન-ભિન્ન સ્વરૂપે હોય છે. કલાને ઉજાગર કરવા માટે રંગોળી એક શ્રેષ્ઠ માધ્યમ છે.'

કાર્યક્રમના અતિથિ પૂર્વ મેયર અને અડાજણ- ગોરાટના મહિલા કોર્પોરેટર હેમાલીબેન બોઘાવાલાએ જણાવ્યું હતું કે, 'એવું કહેવાય છે કે રંગોળી દરેકના જીવનમાં રંગ ભરી દે છે, પરંતુ એક સ્ત્રી જ જાણે છે કે આસપાસના તમામ લોકોના જીવનમાં રંગ કેવી રીતે ભરી શકાય છે. તેમણે મહિલાઓને એક નવી દિશામાં વિચારવા આગ્રહ રાખતા કહ્યું હતું કે, રંગોળી ભારતીયોની એક પરંપરા તો જ છે, પણ રંગોળી થકી આર્થિક ઉપાર્જનની દિશામાં કંઈક વિચારવું જોઈએ.

સુરત મહાનગરપાલિકાના મનોરંજન અને સાંસ્કૃતિક વિભાગના ચેરમેન સોનલ દેસાઈએ આ પ્રસંગે સ્પર્ધામાં ભાગ લેનાર મહિલાઓને જીવનમાં આગળ વધવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.
સ્પર્ધાના નિર્ણાયક અને ઈન્ક.કંપનીના સંસ્થાપક ગોપાલ પટેલે મહિલાઓને સમય મર્યાદાની અંદર આયોજન કેવી રીતે કરવું? તે વિશે માહિતી આપી હતી. સાથે જ તેમણે ઉપસ્થિત મહિલાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

ગોપાલ પટેલે રંગોળી સ્પર્ધામાં વિજેતા જાહેર કરેલા સ્પર્ધકોમાં પ્રથમ ક્રમ અમિતા ભગત દ્વારા બનાવવામાં આવેલી પાણી પર રામ-સીતાની રંગોળીને આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ બીજો ક્રમ આયુષી દેસાઈની સરદાર પટેલની રંગોળી, ત્રીજો ક્રમ નિધી ગરિબનવાઝની ભૂખમરો વિષય પર આધારિત રંગોળી, ચોથા ક્રમે ક્રિષ્ટી તેજાનીની વિશ્વ યુદ્ધની રંગોળી અને પાંચમો ક્રમ ધર્મી ઠુમ્મરની ભગતસિંહની રંગોળીને આપવામાં આવ્યો હતો. તમામ વિજેતાઓને ઈનામની સાથે પ્રશસ્તિપત્ર આપવામાં આવ્યા હતા. સાથે જ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકને પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કરાયા હતા.

ચેમ્બરના આર્ટ એન્ડ કલ્ચર કમિટીના ચેરપર્સન સ્વાતિ શેઠવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેમ્બરના આર્ટ એન્ડ કલ્ચર કમિટીના સભ્ય નિમિષા પારેખે કર્યું હતું. અંતે આર્ટ એન્ડ કલ્ચર કમિટીના કો-ચેરપર્સન કૃતિકા શાહે ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં ચેમ્બરના લેડીઝ વીંગના ચેરપર્સન મનિષા બોડાવાલા, ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, માનદ્ મંત્રી નિખિલ મદ્રાસી અને માનદ્ખજાનચી કિરણ ઠુમ્મર ઉપસ્થિત રહયા હતા.

**Fastest Growing Dairy FMCG Company in India**

# SHRI RADHE DAIRY FARM & FOODS LIMITED

rakhe khayal apno ka

## :: OUR BRANDS ::

VASTU GOLD PREMIUM GHEE

VASTU GHEE Ab Har Ghar Vastupurn

Goshala Sign of prosperity A2 Gir Cow GHEE




20 million + Families Served ‖ 2 lakhs + Retailers ‖ 2200 + Distributors ‖ 25 + States of India

75,000 Sq.ft Manufacturing plant spans ‖ 50 tons Ghee Production capacity per day

**For Enquiry : +91 73592 55678**

Info@vastudairy.com ‖ www.vastudairy.com ‖ Customer Care No: 1800 120 3191

Available on:

amazon | Flipkart | vastudairy.com | JioMart

## એસબીસીની 'બિઝનેસ પ્રેઝન્ટેશન તથા ફીચર પ્રેઝન્ટેશન' મિટીંગ મળી



ગુરૂવાર, તા. ૦૫ ઓકટોબર, ૨૦૨૩ના રોજ એસજીસીસીઆઇ બિઝનેસ કનેકટ - એસબીસીની 'બિઝનેસ પ્રેઝન્ટેશન તથા ફીચર પ્રેઝન્ટેશન' મિટીંગ, જેકોમની સાથે, સીઝનલ લીફ, પીપલોદ, સુરત ખાતે મળી હતી. આ મિટિંગમાં જેકોમના ચેરપર્સન ડો. મન્શાલી તેમની ટીમ સાથે હાજર રહયા હતા. આ મિટીંગમાં એસબીસીના સભ્યો, જેકોમના સભ્યો તથા અન્ય મુલાકાતીઓ મળીને ૮૫થી વધુ સભ્યોએ હાજરી આપી હતી.

એસબીસીના ચેરમેન શ્રી ચિરાગ દેસાઈના અધ્યક્ષપદે મિટીંગ યોજાઈ હતી, જેમાં તેમણે સર્વેને આવકારી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની તથા એસબીસીની પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. ત્યારબાદ જેકોમના ચેરપર્સન ડો. મન્શાલીએ જેકોમ વિશે માહિતી આપી હતી. ત્યારબાદ એસબીસીના ચેરમેનશ્રીએ ઓકટોબર મહિનામાં જે સભ્યોનો જન્મદિવસ છે તે સૌને શુભેચ્છા પાઠવી હતી.

એસબીસીના કો ચેરપર્સન સુશ્રી સ્નેહાબેન જરીવાલા તથા અન્ય સભ્યો દ્વારા કમિટીના સભ્યો તથા મુલાકાતીઓ માટે બિઝનેસ પ્રેઝન્ટેશનનું સંચાલન કરવામાં આવ્યું હતું. ફીચર પ્રેઝન્ટેશન આપનાર સભ્યોનો પરિચય કો ચેરમેન શ્રી ચંદ્રકાંત પ્રજાપતિએ આપ્યો હતો. આ મિટીંગમાં એસબીસીના સભ્યો શ્રી નિમેશ દેસાઈ અને શ્રી ઉર્વિશ વાસણવાલા દ્વારા પોતાના બિઝનેસનું પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. સભ્ય શ્રી ધર્મેન્દ્ર શેઠે મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યારબાદ ડીનર વિથ નેટવર્કિંગનો આનંદ લઈ સૌ સભ્યો એકબીજાને વધુ બિઝનેસ આપવાની ખાતરી સાથે છૂટા પડયા હતા.

## એસબીસીની 'બિઝનેસ પ્રેઝન્ટેશન તથા ફીચર પ્રેઝન્ટેશન' મિટીંગ મળી




શનિવાર, તા. ૦૭ ઓકટોબર, ૨૦૨૩ના રોજ એસજીસીસીઆઇ બિઝનેસ કનેકટ - એસબીસીની 'બિઝનેસ પ્રેઝન્ટેશન તથા ફીચર પ્રેઝન્ટેશન' મિટીંગ સીઝનલ લીફ, પીપલોદ, સુરત ખાતે મળી હતી. આ મિટીંગમાં એસબીસીના સભ્યો તથા અન્ય મુલાકાતીઓએ હાજરી આપી હતી.

એસબીસીના ચેરમેન શ્રી ચિરાગ દેસાઈના અધ્યક્ષપદે મિટીંગ યોજાઈ હતી, જેમાં તેમણે સર્વેને આવકારી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની તથા એસબીસીની પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી આપી હતી. ત્યારબાદ તેમણે ઓકટોબર મહિનામાં જે સભ્યોનો જન્મદિવસ છે તે સૌને શુભેચ્છા પાઠવી હતી. એસબીસીના સભ્ય શ્રી સંજય નાથાનીએ બિઝનેસ ડેવલપમેન્ટ વિશે સભ્યોને માહિતગાર કર્યા હતા. એસબીસીના કો ચેરમેન શ્રી મુફદ્દલ હૈદરમોટા તથા અન્ય સભ્યો દ્વારા કમિટીના સભ્યો તથા મુલાકાતીઓ માટે બિઝનેસ પ્રેઝન્ટેશનનું સંચાલન કરવામાં આવ્યું હતું. ફીચર પ્રેઝન્ટેશન આપનાર સભ્યોનો પરિચય સભ્યો શ્રી કાર્તિક કાપડીયા અને શ્રી જૈમીન શેઠે આપ્યો હતો.

આ મિટીંગમાં એસબીસીના સભ્યો શ્રી ભાવન શાહ અને શ્રી અજય જરીવાલા દ્વારા પોતાના બિઝનેસનું પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતુ. સભ્ય શ્રી સક્ષમ ડાંગીએ મિટીંગમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યારબાદ બ્રંચ વિથ નેટવર્કિંગનો આનંદ લઈ સૌ સભ્યો એકબીજાને વધુ બિઝનેસ આપવાની ખાતરી સાથે છૂટા પડયા હતા.

visitorz.io™

#startupindia

# YOUR FIRST IMPRESSION STARTS HERE

## Industry-Tailored Visitor Management for the Next Generation of Enterprises

At Visitors.io, we help businesses to manage their premises security and enhance visitors' experience by automating their desk operations with a digital visitor management solution.

## Here's why Visitorz.io leads the league

***2-Factor Authentication***
Enhance security with double-layered identity verification

***Authorized Invitations***
Extend invitations to delegates and VIP's, making the process hassle-free

***Unified Platform for Multi-Locations***
Track visitors seamlessly across all your sites

***Meeting Scheduling***
Plan and organize meetings and appointments efficiently

***Emergency & Overstay Alert***
Instant notifications for critical situations & visitor overstays

***Complete Report & Analytics***
Gain valuable insights into visitor trends and facility usage



ANUPAM RASAYAN INDIA LTD.

PERENNIALS
LUXURY PERFORMANCE FABRICS AND RUGS

AMI ORGANICS LIMITED

GOPIN DEVELOPERS
SINCERELY YOURS!

200+ Clients Worldwide

+91 81550 09000 hello@visitorz.io www.visitorz.io



## ગરબા સેલિબ્રેશન, સ્પર્શ શાહે પોતાના અંદાજમાં ગીતો રજૂ કર્યા

૨૧મી ઓક્ટોબરે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ૮૪મા સ્થાપના દિવસે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે ગરબા સેલિબ્રેશન રાખવામાં આવ્યું હતું. જેમાં ચેમ્બર ઓફ કોમર્સના ઓફિસ બેરર્સ, મહેમાનશ્રીઓ, ગૃપ ચેરમેનશ્રીઓ, પૂર્વ પ્રમુખશ્રીઓ, મેનેજિંગ કમિટીના સભ્યશ્રીઓ તથા અન્ય સભ્યશ્રીઓએ પરિવારજનો સાથે ગરબા રમી નવરાત્રિની ધામધૂમથી ઉજવણી કરી હતી. ગરબા સેલિબ્રેશનમાં સ્પર્શ શાહે પોતાના અંદાજમાં ગીતો રજૂ કર્યા હતા, જેના પર સૌ ઝૂમી ઉઠયા હતા.

# ACTIVITIES OF SGCCI

SGCCI MISSION 84 GLOBAL CONNECT

Signature BUSINESS CLUB

SGCCI EDUCATION & SKILL DEVELOPMENT CENTRE – सा विद्या या विमुक्तये – SESDC – SGCCI EDUCATION HUB

SBC – SGCCI BUSINESS CONNECT – support & promote...

GFRRC – GLOBAL FABRIC RESOURCE & RESEARCH CENTRE (An Initiative of SGCCI)

SGCCI WOMEN ENTREPRENEUR CELL

કાયમી સમાધાન પંચ

NGF CENTRE SURAT

SOUTH GUJARAT PRODUCTIVITY COUNCIL – Est. 1992

GOLDEN JUBILEE MEMORIAL TRUST AWARD – GOLDEN JUBILEE AWARDS

SURAT CITYZEN'S COUNCIL TRUST – SCCT

ચેમ્બર ઓફ કોમર્સનું મુખપત્ર સમૃદ્ધિ

SGCCI infozine – e-newsletter - Monthly

# EXHIBITIONS FOR THE YEAR 2023-24

8th EDITION SITEX™ SURAT INTERNATIONAL TEXTILE EXPO
8-9-10 July, 2023

5th EDITION YARN EXPO™
An International Trade Show
4 5 6 AUGUST 2023

The Complete B2C Expo
SPARKLE INTERNATIONAL '23
Gems & Jewellery Exhibition
25 26 27 AUG '23

Surat Startup Summit '23
27 28 29 OCT 2023

SGCCI GARMENT EXPO 2023
Vendor Networking Opportunities
27 & 28 DECEMBER

9th EDITION SITEX™ SURAT INTERNATIONAL TEXTILE EXPO
6-7-8 JAN 2024

4th EDITION SGCCI Food & Agri TECH®
10 11 12 FEBRUARY 2024

Health & Wellness Expo
10 11 12 FEB '24

14th Edition Udyog® 2024
23 24 25 26 FEB
Ideal Platform for MSME

SURAT INTERNATIONAL auto expo® 6th Edition
15-16-17-18 MARCH 2024
FUELLING THE FUTURE OF MOBILITY

MEGA BUILD EXPO 2024
AN EXHIBITION OF BUILDING MATERIALS
05-06-07 APRIL

Vyapar
A MEGA TRADE FAIR
17-18-19 MAY 2024

SMART EDUCATION EXPO 2024
17-18-19 MAY 2024

SGCCI Event EXPO
8-9-10 JUNE 2024


**Imprint Line: 'SAMRUDDHI – Gujarati' Quarterly Magazine**

**Owner – Printer & Publisher,** Mr. Dhanendra Rajmal Patil, **Office address:** "SAMRUDDHI" Bldg. 6th Floor, SIECC, Nr. Khajod Crossing Road, Sarsana, Surat. 395007, Gujarat, India. **Editor** – Nikhil Madrasi. **Printed** at Design House, U-1, Chandan Baug Apt. Op. Gopipura, Surat, 395003 and **Published from** "SANHATI" Bldg. 6th Floor, SIECC, Nr. Khajod Crossing Road, Sarsana, Surat-395007, Gujarat, India. **Phone:** +91 261 2291111 / **Email:** info@sgcci.in / **Web.:** www.sgcci.in